શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૬ • અંક : ૧૦-૧૧
ઓક્ટોબર-નવેમ્બર : ૨૦૨૪

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ
આયોજીત

200

શ્રી લક્ષ્મીનારાયણ દેવ
વડતાલધામ
સંવત ૧૮૮૧ સે ૨૦૮૧

દ્વિશતાબ્દી મહોત્સવ

7 to 15 Nov. 2024

વડતાલધામ દ્વિશતાબ્દિ મહોત્સવ પ્રસંગે
વડતાલધામ મહિમા વિશેષાંક - ૨

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

નૂતન વર્ષાભિનંદન



શ્રીજી મહારાજના લાડીલા
વહાલા ભક્તજનો !

દીપાવલી તેમજ નૂતનવર્ષ નિમિત્તે
આપ સર્વને અંતરથી અભિનંદન !
આ બન્ને પાવન પર્વ આપના જીવનને
જ્ઞાનના અજવાળાથી સભર ભરો !

ભગવાને આપણને આપેલું માનવ જીવન
અણમોલ વરદાન સમાન છે.

ભારતીય સનાતન વૈદિક સંસ્કૃતિમાં
માનવ જીવનના હેતુ ચાર દર્શાવ્યા છે
ધર્મસિદ્ધિ - અર્થસિદ્ધિ - ભોગસિદ્ધિ અને મોક્ષસિદ્ધિ
આ સર્વમાં ધર્મ અને મોક્ષ મુખ્ય છે

ભગવાનશ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં
વરદાન આપતા કહ્યું છે કે "આ શિક્ષાપત્રી
પ્રમાણે વર્તશે તે ધર્મ. અર્થ કામ અને મોક્ષ
આ ચાર પુરુષાર્થને અવશ્ય પામશે."

પ્રારૂભ થઈ રહેલા નૂતન વર્ષમાં આપને
શિક્ષાપત્રી પ્રમાણે વર્તીને ચાર પુરુષાર્થ સિદ્ધ
કરવાનું બળ મળે એવી અમારી અંતરની શુભ. કામના
પૂ. બાલકૃષ્ણદાસજી સ્વામી. પૂ. હરિસ્વરૂપદાસ
સ્વામી સર્વ સંતો વિદ્યાર્થીઓ વતી ભા. સ્નેહાધીન
માધવ કાળના
સ્વામિનારાયણ

SGVP AHMEDABAD

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

હરિકૃષ્ણ હૈયાનો મારે...

હાં રે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે જી હો,
જોઈને જીવું છું સુંદર મૂરતિ રે,
હાં રે મારાં નેણાં તણો શણગાર છે જી હો,
અળગો ન મેલું હટે ઉરથી રે.
હાં રે મારું ચિત્તડું ઓરાણું એની ચાલમાં,
હાં રે હું તો વશ થઈ છું એના વાલમાં જી હો....જોઈને
હાં રે મારા ઉરમાં ખુંત્યો છે છેડો પાઘનો,
હાં રે કાંઈ પાર નહિ મારા ભાગ્યનો જી હો....જોઈને
હાં રે હું તો દાસી છું કૃપા નિધાનની,
હાં રે મને ચાવીને આપી છે બીડી પાનની જી હો...જોઈને
હાં રે દયા હેતનો ભર્યો છે અલબેલડો,
હાં રે પ્રેમાનંદનો વા'લો રંગ છેલડો જી હો...જોઈને

વર્ષ-૧૫, ઓક્ટોબર-નવેમ્બર : ૨૦૨૪, અંક : ૧૦-૧૧

-: પ્રકાશક તથા માલિક :-
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨

તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

તીર્થરાજ વડતાલધામ મંદિર ઇતિહાસ અને મહિમા

- શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી

સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોપરી સ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામને બસો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ ઐતિહાસિક ક્ષણે ગુરુકુલ દર્શનના આ સળંગ બીજા અંક દ્વારા આપણે વડતાલધામનો ઇતિહાસ તથા મહિમા વિશે જાણીશું.

વડતાલ મંદિર માટે વરદાન

સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીએ કાલુપુર-અમદાવાદ ખાતે ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું, પછી સંવત્ ૧૮૭૮ના ફાગણ સુદ-૩ ના દિવસે પવિત્ર ભૂદેવો પાસે યજ્ઞ કરાવી વૈદિક વિધિ સાથે શ્રીનરનારાયણ દેવની સ્વહસ્તે પ્રતિષ્ઠા કરી અને સાથોસાથ બ્રહ્મચોરાશી પણ કરાવી.

અમદાવાદથી ભગવાન શ્રીસ્વામિનારાયણ ગઢપુર પધાર્યા. શ્રીજી મહારાજ ગઢપુરમાં થોડા દિવસ રોકાયા. પછી વડતાલના જોબન પગી, નારાયણગરજી વગેરે ભક્તોના ભાવપૂર્ણ આમંત્રણથી રામનવમીનો ઉત્સવ ઉજવવા માટે વડતાલ પધાર્યા.

એ સમયે ઉત્સવ-સમૈયાઓ ઉજવવા માટે આજના જેવી સાધન-સગવડતાઓ નહોતી. સંદેશ-વ્યવહારના ઝડપી સાધનો પણ નહોતા. કોઈ પણ ઉત્સવ-સમૈયો કરવા માટે ખૂબ અગાઉથી આયોજનો કરવા પડતા અને સંદેશવાહકો દ્વારા આગોતરા આમંત્રણો આપવા પડતા. દૂર દેશાંતરમાં વસતાં લોકોને સમાચાર મળતાં તુરત જ પગપાળા કે ગાડાં જોડીજોડીને મોટા મોટા સંઘ સાથે વડતાલ, ગઢપુર વગેરે જ્યાં જ્યાં શ્રીજી મહારાજ ઉત્સવનું આયોજન કરતા ત્યાં ઉત્સવના દિવસો પહેલા પહોંચી જતા. ઉત્સવ-સમૈયામાં આવનારા ભક્તોના સંઘ માટે ઉતારા માટે કોઈ વિશેષ વ્યવસ્થાઓ નહોતી, જે જે ગામનો સંઘ આવે એને ઉતારા-નિવાસ માટે જે-તે ગામના સીમાડે એક-એક ઘટાદાર વૃક્ષ ફાળવવામાં આવતું. ઉત્સવ-સમૈયા દરમ્યાન એ વૃક્ષ જે એમને રહેવાનું, સૂવાનું અને ઉતારા કરવાનું સ્થાનક રહેતું, છતાં હજારોની સંખ્યામાં સ્ત્રી-પુરુષોના સંઘો આવતા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં લખ્યું છે કે, ગુજરાત સિવાય આજુબાજુના રાજ્યો તેમજ છેક દક્ષિણ ભારતથી પણ ભક્તોના સંઘ આવતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણ વડતાલમાં રામનવમીનો ઉત્સવ ઉજવવાના છે, એ સમાચાર વાયુવેગે દેશ-પ્રદેશમાં પહોંચી ગયા હતા. વડતાલમાં રામનવમીના ઉત્સવ માટે દૂરદૂરથી ભક્તોના સંઘ આવ્યા હતા. વડતાલને સીમાડે વૃક્ષોની છાયામાં ગામગામના સંઘોને ઉતારા આપવામાં આવ્યા હતા. જોબન પગી, નારાયણગરજી વગેરે વડતાલના આગેવાન ભક્તોએ આગંતુક સંઘો માટે બધી પ્રકારની વ્યવસ્થાઓ કરીને સાર-સંભાળ રાખતા-રખાવતા હતા. સ્વયં શ્રીજી મહારાજ પણ માણકીએ અસ્વાર થઈ ગામને સીમાડે ઉતરેલા સંઘના ભક્તોની દેખભાળ રાખતા હતા.

ચૈત્ર સુદિ-૯ રામનવમી પહેલાના દિવસોમાં શ્રીજી મહારાજ દરરોજ સવાર-સાંજ સત્સંગ સભા ભરતા અને સંઘના ભક્તોને મોક્ષમૂલક વાતો કરી ધર્મલાભ આપતા.

આ રામનવમીના ઉત્સવમાં અમદાવાદથી પણ ભક્તોનો મોટો સંઘ પણ આવ્યો હતો. દરરોજના ક્રમ પ્રમાણે શ્રીજી મહારાજે સાંજના સમયે સંતો-ભક્તોની સભા કરી, થોડીવાર કીર્તન-ધૂન અને કથાવાર્તા થઈ, પછી સંઘના ભક્તો વાળું-પાણી કરી પોતપોતાના નિવાસ સ્થાને ગયા. સંઘના ભક્તો પોતપોતાના સંઘમાં શ્રીજી મહારાજે કરેલી વાતોને વાગોળવા લાગ્યા. રાત્રે સંઘના સૌ માણસો સૂવાની તૈયારી કરવા લાગ્યા.

સ્વામિનારાયણ ભગવાનના ઉત્સવ-સમૈયામાં માનવ મહેરામણ ઉમટી પડતો એ જગજાહેર વાત હતી, એટલે

કેટલાક ચોર લોકો લાગ જોઈને ચોરી કરવાના ઈરાદાથી પણ ઉત્સવ-સમૈયામાં આવતા. સાંજના સમયે કોઈ ચોર અમદાવાદના એક ભક્તનું પોટલું ચોરી ગયો. એ સમયે લોકો જીવનજરૂરિયાતની બધી સામગ્રી અને ભગવાનને ભેટ ધરવાની કિંમતી ચીજ-વસ્તુઓ પોટલામાં બાંધીને આવતા, એટલે એ પોટલું જ એમના માટે સર્વસ્વ રહેતું. પોટલું ચોરાવું એટલે બધું ચોરાઈ જવા બરાબર હતું. પોટલું ચોરાવાની વાત અમદાવાદના આખા સંઘમાં વાત પ્રસરી ગઈ. ધીમે ધીમે બધાને ખબર પડી ગઈ, વાત વિસ્તરતા રાતોરાત શ્રીજી મહારાજના કાન સુધી પહોંચી.

શ્રીજી મહારાજે સવારે જોબન પગીને બોલાવ્યા અને અમદાવાદના ભક્તનું પોટલું ચોરાવાની વાત કરી. જોબન પગીએ કહ્યું, "મહારાજ ! હું આવતી કાલે પોટલું લાવી આપીશ."

બીજે દિવસે શ્રીજી મહારાજ પ્રાતઃસ્નાનાદિ વિધિ પૂર્ણ કરી સંતો-ભક્તોની સભા ભરીને બિરાજમાન થયા, એ જ સમયે જોબન પગી ચોરાયેલું પોટલું લઈને આવ્યા. પોટલું પાછું મળતાં અમદાવાદના સંઘના માણસોને નિરાંત થઈ.

શ્રીજી મહારાજે આશ્ચર્યથી પૂછ્યું, "જોબન ! પોટલું તો રાતે ચોરાયું હતું ને તમે દિવસે કઈ રીતે શોધી લાવ્યા?"

જોબન પગી કહે, "મહારાજ ! અમે પગલું જોઈ લઈએ ને તે માણસને ગમે ત્યાંથી પણ ગોતી કાઢીએ, તેથી તો અમે પગી કહેવાઈએ."

જોબન પગીની વાત સાંભળી મહારાજ ખૂબ રાજી થયા અને વર માગવાનું કહ્યું, ત્યારે જોબન પગીએ હાથ જોડીને કહ્યું, "મહારાજ ! જો આપ રાજી જ થયા હો તો એવું વરદાન આપો કે અમદાવાદમાં જેવું ભવ્ય મંદિર કર્યું, એવું મંદિર આંહી કરાવો."

મહારાજે વડતાલમાં ભવ્ય મંદિર નિર્માણ કરાવવાનું વરદાન આપ્યું, એટલે સભામાં બેઠેલા સૌ કોઈ જોબન પગીને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે, જોબન પગીએ ઠીક વર માંગ્યો. (હ.ચ.વિં. ૩-૧ ને આધારે.)

દિવસ પછી દિવસ પસાર થયા, મહિનાઓ વીત્યા, મહારાજે મંદિર કરવાનું વચન આપ્યું એને ઘણો સમય વીત્યો, પણ હજુ સુધી વડતાલમાં મંદિરના મંડાણ મંડાયા નહોતા, એટલે જોબન પગી અને નારાણગરજીએ શ્રીજી મહારાજને વડતાલમાં મંદિર નિર્માણ માટે પત્ર લખી મોકલ્યો.

શ્રીજી મહારાજ ગઢડામાં દાદા ખાચરના દરબાર ગઢમાં બિરાજમાન હતા, એ સમયે વડતાલથી જોબન પગી અને નારાયણગરજીનો મંદિર કરાવવાનો પત્ર લઈ જુસો પગી અને સુંદર પગી ગઢડા આવ્યા. પત્ર મળતાં શ્રીજી મહારાજે ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે આગેવાન સંતોને બોલાવીને પૂછ્યું, "વડતાલ મંદિર કરવા કોને મોકલીશું ?" મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, "મહારાજ ! મંદિરનિર્માણનાં કાર્યમાં અને કારીગરીમાં બ્રહ્માનંદ સ્વામીને સારી સૂઝબુઝ છે, એમને મોકલીએ તો સારું."

સંતોનો અભિપ્રાય જાણી શ્રીજી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા અને મંદિર નિર્માણ કરવા સંતમંડળ સાથે વડતાલ જવાની આજ્ઞા કરી. શ્રીજી મહારાજની આજ્ઞા શિરોધાર્ય કરી બ્રહ્માનંદ સ્વામી પોતાનાં સંતમંડળને લઈ વડતાલ જવા તત્પર થયા. બપોરનો સમય હતો. શ્રીજી મહારાજ દાદા ખાચરના ઉગમણા બારના ઓરડાની ઓસરીએ થાળ જમતા હતા, એવામાં બ્રહ્માનંદ સ્વામી પૂજા ને પત્તરની ઝોળી લઈ સંતમંડળ સાથે મહારાજ પાસે રજા લેવા આવ્યા. શ્રીજી મહારાજે થાળ જમીને બ્રહ્માનંદ સ્વામી અને એમના મંડળના સંતોને થાળની પ્રસાદી આપી તથા રાજી થઈને ભાવથી ભેટ્યા. શ્રીજી મહારાજને વંદન કરી સંતો વિદાય થયા.

બ્રહ્માનંદ સ્વામી સંતમંડળ સાથે ગઢપુરથી પગપાળા વડતાલ જવા ચાલતા થયા. આ બાજુ વડતાલથી પત્ર લઈને આવેલા તખો પગી અને જુસો પગીએ વડતાલ જઈ જોબન પગી અને નારાયણગરજી વગેરેને મંદિર નિર્માણ માટે મહારાજની આજ્ઞાના અને બ્રહ્માનંદ સ્વામીના આગમનના સમાચાર આપ્યા. બ્રહ્માનંદ સ્વામી સંતમંડળ સાથે ચાલતાં-ચાલતાં ચોથે દિવસે ગઢપુરથી વડતાલ પહોંચ્યા.

આ બાજુ વડતાલમાં જોબન પગી, સુંદર પગી, નારાયણગરજી વગેરે ગામને સીમાડે સામા ચાલ્યા અને બ્રહ્માનંદ સ્વામી અને સંતમંડળને આદરથી આવકાર્યા. સૌ સંતોને ઉતારા કરાવ્યા, પછી બીજે દિવસે બ્રહ્માનંદ સ્વામી વડતાલના આગેવાન ભક્તોને સાથે લઈ વડતાલથી ઉગમણી કોરે એક બોરડીની જગ્યા હતી, ત્યાં ગયા.

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, "આપણે અહીં મંદિર કરીએ." ભક્તોએ પૂછ્યું, "સ્વામી ! અહીં આ બોરડીની જગ્યાએ શું વિશેષતા છે ? તે આપે અહીં મંદિર કરવાનો નિર્ધાર કર્યો." બ્રહ્માનંદ સ્વામી કહે, "આ જગ્યા બહુ પવિત્ર છે ને તે દેવનું મંદિર કરવા જેવી છે. કારણ કે, આ જગ્યાએ આગળ લક્ષ્મીજીએ ઘણાં વર્ષ તપ કરેલ છે. એ વાત મને મહારાજે કહી હતી, માટે આંહી મંદિર થાય એવી મહારાજની મરજી છે."

શ્રીજી મહારાજનાં વચન અને બ્રહ્માનંદ સ્વામીનો અભિપ્રાય સાંભળીને વડતાલના ભક્તોએ એ બોરડીવાળી જગ્યાએ મંદિર નિર્માણ કરવાનો નિર્ધાર કર્યો. (હ.ચ.વિં. ૩-૧ ને આધારે)

લક્ષ્મીજીની કથા - બ્રહ્મવૈવર્ત પુરાણ

વાત છે હજારો વર્ષ પહેલાના દ્વાપરયુગના સમયની. બ્રહ્મવૈવર્ત પુરાણની કથા પ્રમાણે દ્વાપરયુગમાં લક્ષ્મીજી ભૃગુ ઋષિને ત્યાં પુત્રી રૂપે પ્રગટ થયેલા. ભગવાન શ્રીનારાયણના વક્ષઃસ્થળે લક્ષ્મીજીનો સદા નિવાસ છે, એટલે પૃથ્વી ઉપર પ્રગટેલા લક્ષ્મીજી ભગવાન નારાયણનો વિયોગ સહી ન શક્યા, માટે ભગવાન શ્રીનારાયણને પતિરૂપે પામવા માટે એમણે આકરું તપ આદર્યું. ભગવાન શ્રીનારાયણે પ્રસન્ન થઈને લક્ષ્મીજીનો મનોરથ પૂરો કર્યો. લક્ષ્મીજીના આકરાં તપથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીનારાયણે વરદાન આપતા કહ્યું,

तपोवृत्तस्य ते यस्माद् आलयो वर्तते त्विदम् ।
ततो अस्मिन् भविता स्थाने, पुरं वृत्तालयाभिधम् ।

હ.લી.ક. ૯-૧૫-૩૧

શ્લોકાર્થ : હે લક્ષ્મીજી ! આ સ્થાન તમારાં તપ રૂપ વૃત્ત(વ્રત)નું આલય એટલે સ્થાન બન્યું છે, એટલે ભવિષ્યમાં આ સ્થાનમાં વૃત્તાલય નામનું પુર થશે.

વડતાલ લક્ષ્મીજીની સાધનાભૂમિ છે અને શ્રીજી મહારાજનાં વચને બ્રહ્માનંદ સ્વામીએ જે બોરડીવાળી જગ્યાએ મંદિર નિર્માણનો નિર્ધાર કર્યો, એ લક્ષ્મીજીની તપોભૂમિ છે.

વડતાલ મંદિર નિર્માણ

મંદિર નિર્માણનો નિર્ણય થયો એ પહેલાં લક્ષ્મીજીની તપોભૂમિ એવી બોરડીવાળી જગ્યાએ શ્રીજી મહારાજે અનેક વખત સંતો-ભક્તોની સભા કરેલી. આ બોરડી નીચે શ્રીજી મહારાજ બિરાજમાન થતાં અને જ્ઞાનવાર્તા કરતા. સંવત્ ૧૮૭૫ માં આ બોરડીવાળી જગ્યાએ શ્રીજી મહારાજે શ્રીનરનારાયણ દેવ પધરાવ્યા હતા. એ જ બોરડીવાળી જગ્યાએ જ્યારે મોટું મંદિર નિર્માણ કરવાનું નક્કી થયું અને સંવત્ ૧૮૭૮ માં મંદિરનું નિર્માણ કાર્ય ચાલુ થયું, એટલે શ્રીજી મહારાજે એ શ્રીનરનારાયણ દેવની પ્રતિમાઓ બુરાનપુરના ભક્તોની વિનંતીથી એમને પૂજવા માટે અર્પણ કરેલી.

મંદિર માટેની જગ્યા નક્કી થતાં જોબન પગીએ જમીનનો લેખ કરાવી જમીન કૃષ્ણાર્પણ કરી. શ્રીજી મહારાજે સ્વયં પધારી મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. ખાતમુહૂર્તનો વિધિ પૂર્ણ કરી મહારાજે બ્રહ્મમુનિને એક શિખરનું મંદિર કરવાની ભલામણ કરી.

મંદિર નિર્માણ માટે માલ-સામાનની ખરીદી તેમજ કડિયાઓને પગાર ચૂકવવા માટે પૈસાની જરૂર પડે એ સહજ છે. શ્રીજી મહારાજના સાધુ તો અકિંચન હતા, ક્યારેય દ્રવ્ય રાખે કે રખાવે પણ નહીં, એટલે મંદિરની ખરીદી માટે પૈસાની લેવડ-દેવડ નારાયણગરજીને ચોપડે લખાતી. નારાયણગરજીને ત્યાંથી મંદિરના ખર્ચા-ખરીદી માટે જોઈએ એટલા રૂપિયાનો ઉપાડ થતો અને ચોપડે મંદિરનાં નામે પૈસા ઉધારાતા.

જ્યારથી મંદિરનું કાર્ય શરૂ થયું ત્યારથી જોબન પગી, નારાયણગરજી, રણછોડજી, દાજીભાઈ, વાસણ સુતાર, કુબેરભાઈ વગેરે તન-મન-ધનથી સમર્પિત ભાવે સેવા કરવા લાગ્યા.

વડતાલમાં બ્રહ્માનંદ સ્વામીએ પૂર્વાભિમુખ કમળાકાર મંદિરનો ખૂબ ઊંડો પાયો નાખ્યો. મહારાજે એક શિખરવાળું મંદિર કરવાનું કહ્યું હતું, પરંતુ બ્રહ્માનંદ સ્વામીએ તો નવ શિખરવાળા વિશાળ મંદિરનો પાયો ગળાવ્યો.

શ્રીજી મહારાજને ખબર પડી કે બ્રહ્માનંદ સ્વામીએ એકને બદલે નવ શિખરવાળા મોટાં મંદિરનો પાયો નાખ્યો છે, એટલે બ્રહ્માનંદ સ્વામીને સમજાવવા શ્રીજી મહારાજે સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીને વડતાલ મોકલ્યા. આનંદાનંદ સ્વામીએ વડતાલ આવી બ્રહ્માનંદ સ્વામીને મહારાજનો સંદેશ આપીને સમજાવ્યા.

બ્રહ્માનંદ સ્વામી કહે, "સ્વામી ! આમાં તમારી નજર ન પૂગે, માટે તમારું નહીં માનું !"

આનંદાનંદ સ્વામીએ ગઢડા પાછા આવી મહારાજને બધી વાત કરી, એટલે મહારાજે નિત્યાનંદ સ્વામીને વડતાલ જવા આજ્ઞા કરી. બ્રહ્માનંદ સ્વામી તો શીઘ્રકવિ ! કવિઓને કવિતાની ભાષા વધારે જલ્દી સમજાય, એટલે શ્રીજી મહારાજે નિત્યાનંદ સ્વામીને એક સાખી લખાવી વડતાલ બ્રહ્માનંદ સ્વામી પાસે મોકલ્યા, સાખીમાં શ્રીજી

સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી
મંદિર નિર્માતા

મહારાજે લખાવ્યું હતું કે,

અપની પહુંચ બિચાર કે, કરિએ તેતી દૌડ ।
તેતા પાંવ પસારીએ જેતિ લંબી સોડ ॥

મહારાજની આજ્ઞાથી નિત્યાનંદ સ્વામી મહારાજનો સંદેશ લઈ વડતાલ પધાર્યા અને બધી વાત સમજાવીને મહારાજની લખાવેલી સાખી વંચાવી.

નિત્યાનંદ સ્વામીના મુખે મહારાજનો સંદેશ સાંભળી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, "સ્વામી ! આગળ જતા સત્સંગ બહુ થશે અને મંદિર વારેવારે થાય નહીં, માટે ભગવાનનું કામ ભગવાન પૂરું કરશે."

બ્રહ્માનંદ સ્વામીની વાત નિત્યાનંદ સ્વામીના ગળે ઉતરી ગઈ. બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજના સખા હતા, એટલે સખ્યભાવે સ્વામીએ શ્રીજી મહારાજની સાખીના પ્રત્યુત્તર રૂપે લખ્યું,

સાહિબ સરિખા શેઠિયા, બસે નગર કે માંહી ।
તાકો ધન કી કા કમી, જાકી ઠૂંડી ચલે નવખંડ માંહી ॥

બ્રહ્માનંદ સ્વામીનો પ્રત્યુત્તર લઈ નિત્યાનંદ સ્વામી વડતાલથી પાછા ગઢડે આવ્યા અને દાદા ખાચરના દરબારગઢના લીંબવૃક્ષ નીચે શ્રીજી મહારાજને બ્રહ્માનંદ સ્વામીની સૂઝબુઝ અને કાર્યકુશળતાની બધી વાત કરી, પછી સાખી વંચાવીને કહ્યું કે, "મહારાજ ! બ્રહ્માનંદ સ્વામી સમજીને કરે છે, એને મોટું મંદિર કરવા દો."

નિત્યાનંદ સ્વામી જ્યાં મહારાજને આ બધી વાત કરી રહ્યા હતા, ત્યાં ઓરડાની ઓસરીએ ઊભેલા જીવુબા બોલ્યા, "મહારાજ ! બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સત્ય થવા દો."

પછી શ્રીજી મહારાજ રાજી થઈને બોલ્યા, "લ્યો, આ લક્ષ્મીજી બોલ્યા, હવે બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સત્ય થશે. (હ.ચ.ચિં. ૩-૧ ને આધારે)

પાયામાં નવ લાખ ઇંટો

મંદિરના પાયા ઊંડા ગાળ્યા હતા, વિશાળ મંદિરનું નિર્માણકાર્ય ખૂબ મોટું હતું. શ્રીજી મહારાજની આજ્ઞાથી અક્ષરાનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીની સાથે મંદિરનિર્માણનાં કાર્યમાં સાથે જોડાયા.

સૌરાષ્ટ્રની ધરતી પથરાળ હોવાથી ઇમારતો કે મોટાં શિખરબદ્ધ મંદિરો બનાવવા માટે બહુ ઊંડા પાયાની જરૂર હોતી નથી, પરંતુ ચરોતરની ધરતી તો માટીયાળ, એમાં પથ્થર તો ગોત્યા ન મળે. ચરોતર પ્રદેશના વડતાલ ગામમાં મંદિર માટે પાયો ઊંડો ગાળવો પડે, એ સહજ છે. બ્રહ્માનંદ સ્વામીએ દીર્ઘકાળ સુધી મંદિરના ભવિષ્યનો વિચાર કરીને મંદિરનો પાયો ખૂબ પહોળો અને જાણે પાતાળ સુધી ઊંડો નાખ્યો હતો !

જ્યારે વડતાલ મંદિરના પહોળા પાયામાં ઈંટ-પૂરણીનું સેવાકાર્ય ચાલતું હતું, ત્યારે હાલમાં જ્યાં જ્ઞાનબાગ છે, ત્યાં ઈંટો પકવવાના નવ ભઠ્ઠા નાખવામાં આવ્યા હતા. કારીગરો ઈંટો બનાવી-બનાવી ભઠ્ઠામાં ઈંટો પકવતા અને પછી તૈયાર થયેલી એ ઈંટોને મંદિર સુધી લાવવામાં આવતી.

મંદિરનિર્માણનાં કાર્યમાં શ્રીજી મહારાજ સ્વયં સેવાકાર્ય કરીને સંતો-ભક્તોને પ્રેરણા આપતા.

વડતાલ મંદિરનાં નિર્માણમાં શ્રીજી મહારાજે ઈંટ, પથ્થર અને ચૂનાના તગારા સ્વયં માથે લીધેલા છે ! નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને મંદિરની સેવા કરતા નજરે દીઠા છે,

ઠાકોર મંદિર કરવા કાજે...દૅગે દીઠા છે ।
લીધી માથે ઇંટ્ય મહારાજે...દૅગે દીઠા છે ॥ ૧૯ ॥
પથ્થર કેલ મૃત્તિકા માથે...દૅગે દીઠા છે ।
લઈ ચાલે સખા સાથે...દૅગે દીઠા છે । (હરિસ્મૃતિ-૪)

શ્રીજી મહારાજને મંદિર નિર્માણની સેવા કરતાં જોઈ સંતો-ભક્તોનો સેવાનો ઉત્સાહ બેવડાઈ જતો. મંદિરમાં સેવા કરનારા સંતો-ભક્તોને ધૂળથી ખરડાયેલા જોઈને મહારાજ પોતાના જરિયાની નવાં વસ્ત્રોની દરકાર રાખ્યા વિના રાજી થઈને એમને ભાવથી ભેટતા. શ્રીજી મહારાજનો રાજીપો પામીને સંતો-ભક્તોનો સેવા-શ્રમનો થાક તત્ક્ષણ દૂર થઈ જતો અને શરીરમાં નવા સ્ફૂર્તિ અને ઉત્સાહ પ્રગટ થતાં.

વડતાલ મંદિરનાં નિર્માણમાં શ્રીજી મહારાજે જ્ઞાનબાગની જગ્યાએ સંતો-ભક્તો સાથે ઈંટવાડે જઈ જઈને કુલ ૩૭ ઈંટો માથે લીધેલી, જેની ગણતરી સંતોએ કરેલી છે. હરિલીલામૃતમાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે એ વાતની નોંધ લીધી છે,

શ્રીજી પંડે જઈ ઈંટો લાવે, અન્યને જોઈ ઉમંગ આવે ।
મુખ્ય દેવના મંદિર કાજ, લાવ્યા પંડે ઈંટો મહારાજ ॥
ગણી સંતે તે તો સાડત્રીશ, પડદીમાં ચણી પાંતરીશ ।
એક ગોખલો છે પછવાડે, છાંદી બે તો તેમાં તેહ દાડે॥
(હ.લી. ૧-૧૪-૧૨,૧૩)

શ્રીજી મહારાજે લાવેલી ૩૭ ઈંટોમાંથી ૩૫ ઈંટો મધ્યખંડના સિંહાસનની પછીતમાં અને બે ઈંટો મધ્યખંડના પાછળની દીવાલને પછવાડે એક ગોખલો છે એમાં સ્થાપિત કરેલી છે.

સંતો-ભક્તો ખૂબ શ્રદ્ધા અને ઉત્સાહથી જ્ઞાનબાગવાળી જગ્યાએથી યથાશક્તિ માથે ઈંટો ઉપાડી-ઉપાડીને મંદિર સુધી સારતા.

બ્રહ્માનંદ સ્વામીએ આરંભેલા વડતાલના નવ શિખરના ભવ્ય મંદિરના ઊંડા અને પહોળા પાયામાં નવ લાખ ઈંટો પૂરવામાં આવી હતી અને એ ઈંટો પણ આજના જેવી નાની નાની લંબચોરસ નહીં, આજની બે ઈંટો ભેગી કરીએ ત્યારે એ સમયની ઓરસચોરસ જાડી એક ઈંટ થાય!

આ નવ લાખ ઈંટ-પૂરણીની પાયાની સેવામાં છાણી ગામના વણકર સમાજની સેવા વડતાલ મંદિરના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલી છે. છાણી ગામના તેજાબાપા અને વણકર સમાજને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના જોગથી સત્સંગ થયેલો. એ સમયે છાણી ગામના વણકર સમાજમાં તેજાબાપા આગેવાન હતા. વડતાલ મંદિરના પાયામાં ઈંટ-પૂરવણીની સેવા ચાલતી હતી, ત્યારે તેજાબાપા ખૂબ મોટી સંખ્યામાં વણકર સમાજને લઈ સેવા કરવા આવેલા. જ્ઞાનબાગવાળી જગ્યાએથી પકાવેલી ઈંટો માથે લઈ વણકર સમાજના ભાઈ-બહેનો મંદિર સુધી પહોંચાડવા લાગ્યા. વણકર સમાજના ભાઈઓ ખૂબ મહેનતું અને શ્રદ્ધાવાળા હતા. સુદૃઢ અને સક્ષમ શરીરવાળા આ ભાઈઓ ઈંટોના થપ્પા ને થપ્પા માથે ઉપાડી ઈંટો સારવા લાગ્યા.

શ્રીજી મહારાજને માથે ઈંટો લેતા જોઈ તેજાબાપા મહારાજની આડા ઊભા રહ્યા અને હાથ જોડી વિનંતી કરી, "પ્રભુ ! આ સેવા અમને કરવા દ્યો, આપ કષ્ટ ન ઉપાડો. આપનું સાંનિધ્ય જ અમારું બળ છે, માટે આ સેવાનો લાભ અમને આપો."

તેજાબાપાનો પ્રેમભાવ અને વિનંતીથી શ્રીજી મહારાજ દૂર ઈંટોના ઢગલા ઉપર ઊભા રહ્યા.

તેજાબાપાના વણકર ભાઈ-બહેનો માથે ઈંટો લઈ જ્ઞાનબાગથી મંદિર સુધી આવે-જાવે, સાથે સ્વામિનારાયણ ભજન કરતા જાય ! શ્રીજી મહારાજ ઈંટોના ઢગલા ઉપર ઊભા ઊભા આ બધું જુએ. વણકર સમાજનો સેવામાં ઉત્સાહ અને શ્રદ્ધા જોઈ મહારાજ સૌ પર કૃપાદૃષ્ટિ કરીને રાજીપો વરસાવતા.

મહારાજની કૃપાદૃષ્ટિ અને રાજીપો જોતા છાણી ગામના વણકર ભાઈ-બહેનોનો સેવાનો ઉત્સાહ બમણો થઈ જતો. આપણને જાણીને આશ્ચર્ય થાય કે, વડતાલ મંદિરના પાયામાં નવ લાખ જેટલી ઈંટો પૂરાઈ, પણ એમાંથી અઢી લાખ જેટલી ઈંટો તો માત્ર આ વણકર સમાજે ચારથી પાંચ દિવસમાં સારી હતી!

ઈંટોના ઢગલા ઉપર ઊભેલા શ્રીજી મહારાજે તેજાબાપા અને વણકર ભાઈઓને પાસે બોલાવ્યા અને એમની સેવાને ખૂબ બિરદાવી રાજીપો વ્યક્ત કર્યો અને કહ્યું, "તેજાબાપા ! તમારા વણકર ભાઈઓએ મંદિરના પાયામાં ખૂબ સેવા કરી છે, માટે અમારે તમને કંઈક આપવું છે, બોલો તમારી શું ઇચ્છા છે?"

તેજાબાપાએ કહ્યું, "મહારાજ ! આપ રાજી થયા એટલે અમને બધું મળી ગયું, અમારે બીજું કાંઈ નથી જોઈતું!"

શ્રીજી મહારાજ કહે, "તેજાબાપા ! તમારે કાંઈ નથી જોઈતું, પણ અમારે રાજીપા રૂપે કંઈક તમને આપવું તો છે જ, માટે માગો માગો, કંઈક વરદાન માગો!"

તેજાબાપાએ કહ્યું, "હે પ્રભુ ! જો આપ રાજી થયા હો અને કંઈક આપવા જ માગતા હો તો આપ જે ઈંટ ઉપર ઊભા છો, એ ઈંટ અમને આપો !"

તેજાબાપાની આવી માગણી સાંભળીને મહારાજને ખૂબ આશ્ચર્ય થયું, મહારાજ કહે, "બાપા ! તમે આ ઈંટનું શું કરશો ?"

તેજાબાપાએ બે હાથ જોડીને કહ્યું, "મહારાજ ! તમે અમારા ભગવાન છો, અમારા માટે આ ઈંટ પ્રભુ શ્રીરામચંદ્રજીની પાદુકા સમાન છે, અમે આ ઈંટને અમારા વણકર સમાજમાં મંદિર કરાવીને પધરાવશું અને નિત એને પૂજશું !"

તેજાબાપાનો દિવ્યભાવ અને મહિમાબુદ્ધિ જોઈને શ્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને જે ઈંટ ઉપર ઊભા હતા, એ ઈંટ તેજાબાપાના હાથમાં આપી ! શ્રીજી મહારાજની પ્રસાદીની ઈંટ પામીને તેજાબાપા તો જાણે ચિંતામણિ મળી ગઈ હોય એમ હરખાવા લાગ્યા, એમની આંખમાંથી હરખના આંસું ટપકવા લાગ્યા !

શ્રીજી મહારાજે કહ્યું, "બાપા ! હજુ બીજું કંઈક માગી લ્યો, આજે અમે બહુ રાજી થયા છીએ !"

તેજાબાપાએ એક વિનંતી કરતા કહ્યું, "મહારાજ ! આપ અવાનર-નવાર વડોદરા પધારો છો, વડોદરાથી અમારું છાણી ગામ બહુ દૂર નથી. આપ કૃપા કરીને એકવાર છાણી ગામે અમારા વણકરવાસમાં પધરામણી કરો અને અમને સનાથ કરો !"

શ્રીજી મહારાજે તેજાબાપાને છાણી આવવાનું વચન આપ્યું. તેજાબાપા અને વણકર સમાજના ભાઈ-બહેનોએ મહારાજને વારંવાર વંદન કરી વિદાય લીધી. તેજાબાપાએ છાણી ગામમાં વણકરવાસમાં નાનકડું મંદિર બનાવડાવી એમાં શ્રીજી પ્રસાદીની ઈંટ પધરાવી અને આદર અને શ્રદ્ધાથી નિત્ય ઈંટની પૂજા કરવા લાગ્યા. વણકર ભાઈ-બહેનો નિત ઊઠી મંદિરમાં પધરાવેલી ઈંટને પગે લાગે અને ધન્યતા અનુભવે ! તેજાબાપા અને વણકર સમાજ મહારાજની પધરામણીની રાહ જોવા લાગ્યા.

થોડા દિવસો વીત્યા ત્યાં એકવાર શ્રીજી મહારાજ સત્સંગ વિચરણ કરતાં-કરતાં વડોદરા પધાર્યા અને એ સમયે મહારાજે તેજાબાપાને આપેલ વચનને યાદ કરી છાણી ગામે પધાર્યા. મહારાજના આગમનના સમાચાર સાંભળી તેજાબાપાએ ઢોલ વગડાવી ધામધૂમથી મહારાજની પધરામણી કરાવી. આખોય વણકર સમાજ ભેગો થઈ ગયો અને શ્રીજી મહારાજને ઢોલિયા ઉપર નવાં બિછાના બિછાવી બિરાજમાન કર્યા. ભાવથી પૂજન કરી વંદન કર્યા. શ્રીજી મહારાજના આગમનથી આજે તેજાબાપાના હૃદયમાં આનંદ સમાતો નહોતો, એમની આંખોમાં હરખના આંસું આવી ગયા. વણકર સમાજના ભાઈ-બહેનો શ્રીજી મહારાજના ઢોલિયા સામે વંદન કરી બેઠા. મહારાજે સૌને સત્સંગ કથા-વાર્તા કરી થોડીવાર ધર્મલાભ આપ્યો, પછી સૌની ભાવભીની વિદાય લઈ પાછા વડોદરા પધાર્યા. શ્રીજી મહારાજે છાણી ગામના વણકરવાસમાં પધરામણી કરી તેજાબાપાનો મનોરથ પૂરો કર્યો અને પોતાનું વચન સત્ય કર્યું.

શ્રીજી મહારાજે રાજી થઈને છાણી ગામના તેજાબાપાને જે પ્રસાદીની ઈંટ આપી હતી, એ આજે વડતાલ મંદિરમાં અક્ષર ભુવનમાં પ્રસાદીની વસ્તુસંગ્રહમાં દર્શન આપે છે. તેજાબાપાના યોગમાં આવતા છાણી ગામના નારણદાસને સત્સંગ થયેલો, જેઓ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભક્તકવિ તરીકે સુપ્રસિદ્ધ છે. એમના રચેલા કીર્તનો-ભજનો આજે પણ સંપ્રદાયમાં ગવાય છે.

જેમ તેજાબાપાના વણકર સમાજે વડતાલ મંદિરના પાયામાં ઈંટો પૂરવાની સેવા કરેલી એમ જ્યારે ભગવાન શ્રીસ્વામિનારાયણે વડતાલમાં ગોમતી તળાવ ગળાવ્યું, ત્યારે ભક્તકવિ નારણદાસ અને એમના સમાજના ભાઈ-બહેનોએ એમાં હોંશે હોંશે કારસેવા કરી હતી, જે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલી છે.

પથ્થરના પૂતળા નચાવ્યા !

શ્રીજી મહારાજ સત્સંગ વિચરણ કરતાં-કરતાં અથવા તો ઉત્સવ-સમૈયા પ્રસંગે ચરોતર પ્રદેશમાં પધારતા ત્યારે વડતાલ મંદિરનિર્માણનું કાર્ય જોવા અચૂક વડતાલ પધારતા. એકવાર મહારાજ વડતાલ પધારેલા. શ્રીજી મહારાજની આજ્ઞાથી અક્ષરાનંદ સ્વામી પણ બ્રહ્માનંદ સ્વામીની સાથે વડતાલ મંદિરનાં નિર્માણકાર્યની સેવામાં હતા. મહારાજને વડતાલ આવેલા જોઈને અક્ષરાનંદ સ્વામીએ મહારાજને કહ્યું, "મહારાજ !

મંદિરમાં મૂકવાના પથ્થરના પૂતળા નારાયણ મહોલમાં રાખ્યા છે, કારીગરોએ સુંદર કોતરણી કરીને શિલ્પ સજર્યા છે, કૃપા કરી આપ એ પૂતળા જોવા પધારો.''

અક્ષરાનંદ સ્વામીની વિનંતીથી બ્રહ્માનંદ સ્વામી સાથે શ્રીજી મહારાજ હાથમાં છડી લઈ મંદિરનાં સ્થાનકે નારાયણ મહોલમાં પધાર્યા. અક્ષરાનંદ સ્વામીએ નારાયણ મહોલમાં રાખેલા પથ્થરના પૂતળાઓ શ્રીજી મહારાજને દેખાડ્યા. વિવિધ નૃત્યમુદ્રાઓ સાથે હાથમાં વિવિધ વાજંત્રોવાળા પૂતળાઓ જોઈને શ્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને બોલ્યા, ''બ્રહ્મમુનિ ! આ પૂતળા તો બોલે-ચાલે એવા છે, આમાં તો ખાલી જીવ નથી એટલું જ !''

બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજના સખા અને પાછા હાજરજવાબી. મહારાજની વાત સાંભળી બ્રહ્મમુનિ બોલ્યા, ''પૂતળા તો બોલે-ચાલે એવા છે, પણ કોઈ ભગવાન હોય તો પૂતળામાં પ્રાણ પૂરે અને એને બોલાવે-ચલાવે !''

બ્રહ્માનંદ સ્વામીના મર્મ ભરેલાં વચનો સાંભળીને શ્રીજી મહારાજ એક પછી એક પથ્થરના પૂતળાને નેતરની છડી અડાડવા લાગ્યા, છડીનો સ્પર્શ થતાં જ બધાના આશ્ચર્યની વચ્ચે એક પછી એક પથ્થરના પૂતળાઓમાં પ્રાણ પૂરાવા લાગ્યા, જે જે પૂતળાઓના હાથમાં જે જે વાજંત્રો હતા તે વગાડવા લાગ્યા અને નારાયણ મહોલમાં ભરતનાટ્યમ્ ની વિવિધ મુદ્રાઓથી નૃત્ય કરવા લાગ્યા !

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, ''બસ, બસ મહારાજ ! હવે હાઁવ કરો, હવે તમે ભગવાન ખરા !''

શ્રીજી મહારાજે પૂતળા સામે દૃષ્ટિ કરી ત્યાં બધા પાછા હતા એવા ને એવા જડ થઈ ગયા ! શ્રીજી મહારાજના ઐશ્વર્ય-પ્રભાવને જોઈ અક્ષરાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી ખૂબ આશ્ચર્ય પામ્યા.

જે ભગવાન પથ્થરમાં પ્રાણ પૂરી શકતા હોય, જડને ચેતન બનાવી શકતા હોય, પૂતળામાં આવું દૈવત મૂકી શકતા હોય, એ ભગવાન સહજાનંદ સ્વામી સ્વયં સ્વહસ્તે જે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરે એમાં કેટલું દૈવત હોય !

સ્વામિનારાયણ ભગવાને નારાયણ મહોલમાં પથ્થરના જે પૂતળાઓમાં પ્રાણ પૂરીને નચાવ્યા હતા, એ પૂતળાંઓ વડતાલ મંદિરના મુખ્ય ઘુમ્મટમાં અંદરના ભાગે ચારેબાજુ પધરાવેલા છે, જે આજે પણ અજાયબ અને આશ્ચર્યકારક લાગે છે.

મૂર્તિ-પ્રતિષ્ઠાનું મંગલ મુહૂર્ત

શ્રીજી મહારાજના સંકલ્પથી અને બ્રહ્માનંદ સ્વામીની આગવી સૂઝથી વડતાલ ખાતે નવ શિખરવાળા કમળાકાર ભવ્ય મંદિરનાં નિર્માણનું કાર્ય પૂર્ણતાને આરે હતું. મંદિરનું કાર્ય પૂર્ણ થતાં મૂર્તિ-પ્રતિષ્ઠા માટે બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજને સંદેશ મોકલ્યો. બ્રહ્મમુનિનો સંદેશ મળતાં જ ગઢડામાં બિરાજમાન શ્રીજી મહારાજ સંતો-ભક્તો સાથે વડતાલ જવા તૈયાર થયા.

શ્રીજી મહારાજ સંતો-ભક્તોના સંઘ સાથે ગઢડાથી વડતાલ જવા નીકળ્યા. મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે સંતો મહારાજની આજ્ઞાથી ઘોડે બેસીને ચાલ્યા, સુરા ખાચર, દાદા ખાચર આદિ ગામધણી ઘોડેસ્વારો મહારાજ સાથે ચાલ્યા, બહેનો ભક્તો પાલખીઓમાં કે ગાડાઓમાં બેસીને ચાલ્યા, કેટલાક સંતો-ભક્તો પગપાળા ચાલતા થયા.

વિશાળ સંઘ સાથે શ્રીજી મહારાજ ગઢડાથી બોટાદ, સુંદરિયાણા, અણિયાળી, દસકા, રોજકા વગેરે ગામોમાં વિશ્રામ કરતાં-કરતાં સંઘ કમિયાળા જવા રવાના થયો.

રોજકાથી કમિયાળા જતાં રસ્તામાં શ્રીજી મહારાજની અકળ ઇચ્છાથી મુક્તાનંદ સ્વામી ઘોડેથી નીચે પડી ગયા અને સ્વામીનો હાથ ભાંગી ગયો ! એટલે સ્વામીને કમિયાળા જ રોકાવું પડ્યું !

શ્રીહરિલીલામૃતમાં લખ્યું છે કે, શ્રીજી મહારાજ બે દિવસ કમિયાળા રોકાયા, વૈદ્યરાજ પાસે મુક્તાનંદ સ્વામી માટે ઉપચાર કરાવી, હાથે આંબલીના પાટા બંધાવ્યા હતા. પછી કમિયાળાથી સંતો-ભક્તોના સંઘ સાથે શ્રીજી મહારાજ નાનીબોરુ પધાર્યા હતા અને હીરા સોનીને ત્યાં થાળ જમ્યા હતા.

એ સમયે નાની બોરૂ ગામે જાખડા ગામના શેઠ કાશીદાસ શ્રીજીને ભાવભરી વિનંતી કરી નાનીબોરૂથી જાખડા તેડી ગયેલા. કાશીદાસનો ભાવ જોઈને શ્રીજી મહારાજે જાખડા ગામમાં પધરામણી કરી હતી. એ સમયે કાશીદાસ શેઠે મહારાજની પૂજા કરી ૫૦૦ રૂ. ની ભેટ ધરી હતી અને વસ્ત્ર-આભૂષણો અર્પણ કર્યાં હતાં. કાશીદાસનો ભાવ પૂરો કરી શ્રીજી મહારાજ સંઘ સાથે જાખડાથી ગલિયાણા ગામ પધાર્યા, ગલિયાણાથી સિંજીવાડે અને ત્યાંથી વડતાલ પહોંચ્યા હતા. વડતાલમાં મહારાજે વાસણ સુથારને ત્યાં ઉતારા કર્યા.

શ્રીજી મહારાજ સંતો-ભક્તોના સંઘ સાથે વડતાલ આવી પહોંચ્યા હતા. મંદિરનું નિર્માણકાર્ય પણ પૂર્ણ થઈ ચૂક્યું હતું. એ સમયના નાનકડાં વડતાલ ગામમાં આવું

મોટું કમળાકાર મંદિર દિવ્ય અને ભવ્ય લાગતું હતું.

મૂર્તિ-પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત જોવા શ્રીજી મહારાજે ઉમરેઠના વિદ્વાન વિપ્રોને તેડાવ્યા. વેદજ્ઞ અને જ્યોતિષજ્ઞ વિપ્રોએ વડતાલ મંદિરમાં દેવોની પ્રતિષ્ઠા માટે શુભ મુહૂર્તની ગણના કરી અને ઉત્તમ મુહૂર્ત આપ્યું, સંવત્ ૧૮૮૧ કાર્તિક સુદિ બારસનું!

પ્રતિષ્ઠાનો દિવસ નક્કી થતાં શ્રીજી મહારાજની આજ્ઞાથી સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી અને અક્ષરાનંદ સ્વામીએ દેશ-પ્રદેશમાં વિચરણ કરતા સંતો અને નિવાસ કરતા ભક્તોને મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા માટે સમાચાર મોકલ્યા. સંદેશવાહકો દેશ પ્રદેશમાં ફરી સૌ સંતો-ભક્તોને વડતાલ મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠાનું આમંત્રણ આપવા લાગ્યા.

જેને જેને સમાચાર મળ્યા એ સૌ કોઈ વડતાલ જવા તત્પર થયા. દૂર દેશથી આવતા સંઘના ભક્તો જે જે ગામ નગર કે વસ્તીમાં વિશ્રામ કરે ત્યાં સૌ કોઈને મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા આમંત્રિત કરવા લાગ્યા અને ચારેબાજુ એક સ્વર ઉઠ્યો, "હાલો વડતાલ ! હાલો વડતાલ!"

ગામ-ગામથી નીકળેલા સંઘમાં માર્ગને વિષે અનેક લોકો જોડાતા જાય, શ્રીજીનું સ્મરણ કરતાં સૌ સંઘમાં ચાલતા જાય અને ગાતા જાય.

બેની આજ વડતાલે સર્વે ચાલો રે,
રાજે ત્યાં તો સુખકારી ધર્મલાલો રે.

એ સમયે આજના જેવા વાહન-વ્યવહાર નહોતા, સારામાં સારું અને ઝડપી વાહન ઘોડા ગણાતા. બાકી બળદગાડામાં બેસીને લોકો એક સ્થાનેથી બીજે સ્થાનકે જતા-આવતા. ઘોડા કે બળદગાડાની વ્યવસ્થા સામાન્ય સ્થિતિના મનુષ્યો માટે પણ અશક્ય હતી, એટલે મોટા ભાગના લોકો ગુડીયાવેલ (પગપાળા ચાલવું) જ અપનાવતા, છતાં પણ હજારો લોકો ઉત્સવ-સમૈયામાં આવતા અને દિવસો સુધી રોકાતા.

જેમ જેમ પ્રતિષ્ઠાના દિવસો નજીક આવતા ગયા તેમ તેમ દેશ-પ્રદેશથી સંતો-ભક્તોના સંઘ વડતાલમાં આવવા લાગ્યા.

હવે શ્રીજી મહારાજે મંદિરના દક્ષિણ ડેરામાં શ્રીરાધાકૃષ્ણ દેવની બાજુમાં અનેક મુમુક્ષુઓનાં કલ્યાણ માટે વેદપ્રતિપાદિત પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ, સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ, પોતે પોતાનું સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી, એ જ સમયે આકાશમાં નગારા વાગવા લાગ્યા અને દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરી જયજયકાર કરવા લાગ્યા, શ્રીહરિકૃષ્ણ મહારાજની જય!

વેદોક્ત વિધિથી મંદિરના ત્રણેય ખંડમાં સ્વહસ્તે વેદોક્ત વિધિથી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિમાં લખે છે.

લક્ષ્મીનારાયણ સુખદાય, સ્થાપ્યાં મધ્યનાં મંદિરમાંય ।
ભક્તિ ધર્મ પોતાનું સ્વરૂપ, સ્થાપ્યું ઉત્તર ડેરે અનૂપ ॥૧૭॥
રાધા ને વૃંદાવનવિહારી, પાસે પોતાની મૂરતિ સારી ।
કર્યો દક્ષિણ ડેરામાં સ્થાપ, નિજજનના ટાળવા તાપ ॥૧૮॥

મંદિરની અંદર અને મંદિરના પ્રાંગણમાં ચારેબાજુ માનવ મહેરામણ ઉમટ્યો હતો, ક્યાંય પગ મૂકવાની પણ જગ્યા નહોતી, હૈયે હૈયું દળાય એટલી ભીડ હતી.

મંદિરનાં ગર્ભગૃહના સિંહાસનોમાં દેવોને પધરાવી વેદવિપ્રોએ વૈદિક વિધિથી મૂર્તિઓનો અંગન્યાસ વિધિ કરાવ્યો, પંચામૃત આદિ દ્રવ્યોથી દિવ્ય અભિષેક થયો, પ્રતિષ્ઠિત દેવોને નવાં વસ્ત્રો અને આભૂષણો ધરાવવામાં આવ્યાં, મેવા-મીઠાઈના નૈવેદ્ય અર્પણ થયાં.

જેવો પ્રતિષ્ઠાનો શેષ વિધિ પૂરો થયો કે તુરત જ અદ્‌ભુત શંખનાદ થયો અને ઝાલર વાગવા લાગી. સ્વયં ભગવાન શ્રીહરિ મૂર્તિ પ્રતિષ્ઠાની પ્રથમ આરતી ઉતારવા લાગ્યા, સંતો-ભક્તો આરતીનાં પદોનું ગાન કરવા લાગ્યા.



સૌકોઈ દર્શનાર્થીઓના આશ્ચર્ય વચ્ચે શ્રીજી મહારાજનાં શ્રીવિગ્રહમાંથી દિવ્ય તેજ પ્રસરવા લાગ્યું અને બધા દેવોની મૂર્તિઓમાં સમાહિત થવા લાગ્યું. જેવી આરતી પૂરી થઈ કે અવકાશી દેવાતોઓ મંદિર ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, સંતો-ભક્તો દેવોનો જયઘોષ કરવા લાગ્યા, છડીદાર છડી પોકારવા લાગ્યા.

મુખ્ય મંદિરનાં ગર્ભગૃહની મૂર્તિઓની સાથોસાથ શ્રીજી મહારાજ મંદિરમાં શ્રીહનુમાનજી મહારાજ, વિઘ્નવિનાયક દેવ ગણપતિદાદાને પણ પ્રતિષ્ઠિત કરી આરતી ઉતારી. ઉપરાંત મંદિરના અંદરના ભાગે મત્સ્યાવતાર, કૂર્માવતાર, નૃસિંહાવતાર, વરાહાવતાર, શેષનારાયણ, સૂર્યનારાયણ વગેરે મૂર્તિઓ પધરાવી.

પ્રતિષ્ઠા-આરતીનો વિધિ પૂર્ણ થતાં જ મંદિરના પ્રાંગણમાં હાથમાં બે જોટાવાળી બંદૂકો લઈને પંક્તિબદ્ધ ઊભેલા પાર્ષદોએ આકાશમાં બંદૂકોના ભડાકા કરી મંદિરમાં પ્રતિષ્ઠિત દેવોના વધામણા કર્યા!

મૂર્તિ-પ્રતિષ્ઠાનો સઘળો વિધિ પૂર્ણ થયા બાદ શ્રીજી મહારાજે સંતો-ભક્તો સાથે શ્રીગોમતીજીમાં અવભૃથ સ્નાન કર્યું. થાળ જમ્યા પછી સંતો ભક્તોને જમાડ્યા અને ભૂદેવોને બ્રહ્મભોજન કરાવી, ભૂરિ ભૂરિ દક્ષિણાઓ આપી સંતુષ્ટ કર્યા.

બપોરના સમયે થોડીવાર વિશ્રામ કરી ઢળતી સંધ્યાએ મંદિરના પ્રાંગણમાં સંતો ભક્તોની વિશાળ સભા ભરી. સભામાં શ્રીજી મહારાજે થોડીવાર જ્ઞાનવાર્તા કરી.

મંદિરમાં દેવોની પ્રતિષ્ઠા બાદ નારાયણગરજીના ખૂબ મોટા સમર્પણનો એક દિવ્ય પ્રસંગ બન્યો, જેની નોંધ શ્રીહરિચરિત્રચિંતામણિ ગ્રંથમાં લેવાણી છે.

નારાયણગરજી વડતાલ મંદિરના નામાનો ચોપડો લઈને મહારાજ પાસે આવ્યા. જ્યારથી મંદિરના પાયા ગળાયા ત્યારથી માંડીને શિખર ચડ્યા ત્યાં સુધીના મંદિરના ખર્ચની નોંધણી નારાયણગરજીના આ ચોપડે લખાણી હતી. અત્યાર સુધીનો મંદિરનો ખર્ચ નારાયણગરજીની તિજોરીમાંથી ઉધારવામાં આવ્યો હતો. નારાયણગરજીએ મંદિરની ઉધારીના એ ચોપડા ઉપર તુલસીપત્ર મૂકી શ્રીજી મહારાજના ચરણે મૂક્યો અને કહ્યું, "પ્રભુ ! મંદિરના ખર્ચનો આ ચોપડો તુલસીના પાંદડે આપનાં ચરણે અર્પણ કરું છું, મારે આમાંથી કાંઈ જોઈતું નથી, આ તમને કૃષ્ણાર્પણ!"

નારાયણગરજીનું આ મોટું સમર્પણ જોઈને શ્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને રાજી થઈને બોલ્યા, "અમે તમને અક્ષરધામમાં અમારી પાસે બેસાડીશું." (હ.ચ.ચિં. ૩-૧ ને આધારે.)

મંદિરના શિખરો પર પ્રથમ કળશ ચડાવવાની સેવાનો લાભ સુરતના જાદવજીભાઈએ રૂપિયા ૨૦૦૦ આપીને લીધો હતો. શિખર ઉપર પહેલી ધજા ચડાવવાની સેવા વડોદરાના રામચંદ્ર વૈદ્યે ૧૦૦૦ રૂપિયા અર્પણ કરીને સ્વીકારી હતી.

શ્રીજી મહારાજે મંદિરના વ્યવહારકાર્યની જવાબદારી સદ્‌ગુરુ અક્ષરાનંદ સ્વામી(સચ્ચિદાનંદ સ્વામીના પૂર્વાશ્રમના ભાઈ)ને સોંપી.

આ રીતે વડતાલના નવ્ય-ભવ્ય કમળાકાર મંદિરમાં ખૂબ ધામધૂમથી દેવોની મૂર્તિ પ્રતિષ્ઠા થઈ અને વડતાલધામ અક્ષરધામ તુલ્ય બન્યું.

ભગવાન શ્રીહરિએ જે કળશથી દેવોનો પ્રથમ અભિષેક કર્યો હતો અને પ્રતિષ્ઠાની આરતી ઉતારી હતી એ કળશ અને આરતી આજે પણ અક્ષરભુવનમાં પ્રસાદીના સંગ્રહમાં દર્શન આપે છે.

વડતાલ મંદિરની વિશિષ્ટતા

મંદિરમાં પ્રવેશવા માટે પૂર્વ અને ઉત્તર-દક્ષિણ એમ ત્રણ મુખ્ય પ્રવેશદ્વાર રાખવામાં આવ્યા હતા. મંદિરમાં ત્રણેય પ્રવેશદ્વારના આગળના ભાગમાં પૂર્વ અને ઉત્તર-દક્ષિણ બાજુ એક-એક એમ કુલ ત્રણ રૂપચોકીએ બનાવવામાં આવી હતી, જ્યાં બેસીને શ્રીજી મહારાજ સંતો-ભક્તોની સભા ભરતા. ઉગમણી રૂપચોકીમાં શ્રીજી મહારાજે વડતાલનું ૧૯ મું વચનામૃત કહેલું છે. મંદિરમાં કુલ મળીને ૩૮ કલાત્મક સ્તંભો છે, જે આજથી ૨૦૦ વર્ષ પહેલાંની સુંદર કલા-કારીગરીનો પરિચય કરાવે છે. મંદિરની પ્રદક્ષિણામાં કુલ મળીને ૪૪ કાટખૂણા પડે છે, જે મંદિરની કમલાકૃતિની કમાલ છે.

મંદિરના અંદરના મુખ્ય ઘુમ્મટમાં શ્રીજી મહારાજ દેવદર્શને આવતા ત્યારે દંડવત્ કરતા અને આ ઘુમ્મટમાં ઘણીવાર સભાઓ કરી છે, મહારાજ થાળ પણ જમ્યા છે અને પોઢ્યા પણ છે.

વડતાલ મંદિરમાં ધામધૂમથી મૂર્તિ-પ્રતિષ્ઠા કર્યા બાદ એકાદ વર્ષ પછી વડતાલના ભક્તોની ભાવભરી પ્રાર્થનાથી શ્રીજી મહારાજ વસંત પંચમીનો ઉત્સવ ઉજવવા વિ. સં. ૧૮૮૨ના માઘમાસમાં વડતાલ પધાર્યા હતા. શ્રીજી મહારાજે વડતાલધામમાં ખૂબ ધામધૂમથી વસંત પંચમીનો ઉત્સવ ઉજવ્યો. ઉત્સવ પછી પણ દેશ-દેશથી પધારેલા ભક્તો થોડા દિવસ શ્રીજી મહારાજનાં દર્શન અને સાંનિધ્યનો લાભ લેવા રોકાયા હતા. દરરોજ સવાર સાંજ ભગવાન શ્રીહરિ સંતો-ભક્તોની સભામાં અધ્યાત્મવાર્તા કરતા હતા.

એક વાર સત્સંગ સભામાં શ્રીજી મહારાજે સંતો ભક્તોને ઉદ્દેશીને કહ્યું, "તીર્થોમાં મોટા સિદ્ધોનો વાસ હોય, નારદજી, માર્કંડેય, ધૌમ્ય જેવા મોટા મોટા ઋષિઓનું વિચરતા હોય. આપણે ઉદ્ધવ સંપ્રદાયના અનુયાયીઓ છીએ, માટે સૌએ તીર્થયાત્રા કરવી."

તીર્થયાત્રાનો મહિમા સમજાવતા શ્રીજી મહારાજ બોલ્યા, "દ્વારિકા ભગવાન શ્રીકૃષ્ણનું ધામ છે, કાયમી નિવાસસ્થાન છે, અમારા ત્યાગી-ગૃહી સૌ ભક્તોએ દ્વારિકાની યાત્રા કરવી અને વિધિવત્ ગોમતીજીમાં સ્નાન કરીને દાન કરવું તથા સાધુપુરુષોની પૂજા કરવી."

એ સભામાં ધર્મકુળના પરિવારજનો પણ ઉપસ્થિત હતા. અયોધ્યાવાસીઓ માટે દ્વારિકાની યાત્રા દુર્લભ હતી, કારણ કે એટલે દૂર છેક ઉત્તર પ્રદેશથી અહીં ગુજરાતમાં વારેવારે આવવાનું થાય નહીં, એટલે શ્રીજી મહારાજે અયોધ્યાવાસીઓને દ્વારિકાની યાત્રા કરવાની આજ્ઞા કરી.

સર્વે તીર્થ છે સુખરૂપ, તેમાં પણ દ્વારિકા અનુપ।
તમે અવધ્યવાસી રહો દૂર, માટે જાવું તમારે જરૂર ॥૬॥

શ્રીજી મહારાજે મનછારામ, નંદરામ, ગોપાલજી વગેરે કૌશલવાસીઓને દ્વારિકાની જાત્રાએ જવા કહ્યું. અયોધ્યાવાસી ગુજરાતના પ્રદેશથી અજાણ હતા, દ્વારિકા જવા માટે કોઈ ભોમિયાની જરૂર હતી, એટલે અયોધ્યાવાસીઓની વિનંતીથી શ્રીજી મહારાજે સમાધિનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વામીને ભોમિયા તરીકે દ્વારિકા મોકલ્યા.

શ્રીજી મહારાજે અયોધ્યાવાસીઓની સાથે સચ્ચિદાનંદ સ્વામીને દ્વારિકા જવાની આજ્ઞા કરતાં કહ્યું, "સાધુરામ! તમે અયોધ્યાવાસીઓ સાથે દ્વારિકામાં છાપો (તમમુદ્રાઓ) લઈ દર્શન કરી આવો, પછી અમે સંતો સાથે પધારીશું."

શ્રીજી મહારાજની આજ્ઞાથી સંવત્ ૧૮૮૨ મહા સુદિ નવમીના દિવસે સચ્ચિદાનંદ સ્વામી અયોધ્યાવાસીઓને લઈને વડતાલથી દ્વારિકા જવા ચાલ્યા. સચ્ચિદાનંદ સ્વામી હરિસ્મરણ કરતાં-કરતાં, અયોધ્યાવાસીઓની સાથે, પગપાળાં ચાલતાં-ચાલતાં, સાત દિવસે અર્થાત્ મહા વદિ પ્રતિપદાએ દ્વારિકા પહોંચ્યા.

તીર્થધામ દ્વારિકા પહોંચતા અયોધ્યાવાસીઓએ ભૂદેવો પાસે ગોમતી કાંઠે પૂજાવિધિ કરાવી, ભૂદેવોને દાન-દક્ષિણા આપી વિધિવત્ ગોમતી સ્નાન કર્યું. સચ્ચિદાનંદ સ્વામી થોડીવાર ધ્યાનમાં બેઠા, પછી ગોમતીજીમાં સ્નાન કરવા ગયા, ત્યાં કેટલાક લોકોએ સ્નાન કરતા અટકાવ્યા અને ગોમતીસ્નાન કરવા ન દીધું. ગોમતીજીમાં સ્નાન કરવાનો લાભ ન મળવાથી સચ્ચિદાનંદ સ્વામી થોડા ઉદાસ થઈ ગયા. આંખો બંધ કરી ગોમતી કાંઠે ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કરવા લાગ્યા.

થઈ સમાધિ ભૂલ્યા શરીર, પડ્યું પિંડ ગોમતીને તીર।
તિયાં આવ્યા અયોધ્યા રહેનાર, મુનિ ન જાગે કરે પોકાર ॥૨૫॥

સચ્ચિદાનંદ સ્વામી ધ્યાનના અંગવાળા હતા અને સમાધિવાળા હતા. ગોમતીજીને કાંઠે ધ્યાન કરતાં-કરતાં સચ્ચિદાનંદ સ્વામી સમાધિમાં સરી પડ્યા, હવે ક્યારે જાગે એનું કાંઈ નક્કી નહીં!

ગોપાલજીએ અયોધ્યાવાસીઓને કહ્યું, "હવે આ

સાધુરામને સાથે કેમ લઈ જવા ? ક્યારે જાગશે ? એની રાહમાં બેસી રહેશું તો વ્યર્થ સમય વીતશે ! માટે ચાલો છાપું (તમમુદ્રા) લઈ બેટ દ્વારિકા દર્શન કરી આવીએ, પાછા આવીશું ત્યાં તો જાગી જશે !''

ગોપાલજીના કહેવાથી બધા અયોધ્યાવાસીઓએ આરાંભડે ગામે છાપો લીધી અને વહાણમાં બેસી બેટદ્વારિકા દર્શને ગયા. બેટદ્વારિકામાં પાંચેક દિવસ રોકાયા અને ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન કરી, ભૂદેવો પાસે પૂજા કરાવીને દાન-દક્ષિણાઓ આપી.

આ બાજુ ત્રણ દિવસે સચ્ચિદાનંદ સ્વામી સમાધિમાંથી જાગ્યા અને આરાંભડે ગામે છાપું લેવા માટે ચાલ્યા. આરાંભડે (આરંભડા નામનું ત્યાનું ગામ) પણ ત્યાંના લોકોએ સ્વામીને છાપો આપવાનો ઈન્કાર કર્યો. ધન વગર છાપો ન મળતા સ્વામી પાછા નિરાશ થયા.

સચ્ચિદાનંદ સ્વામી છાપો લીધા વિના જ નાવમાં બેસી બેટદ્વારિકા પહોંચ્યા. અંતરમાં પ્રભુદર્શનની ઇચ્છા હતી, પણ છાપ વગર મંદિરમાં પ્રવેશ ન મળ્યો. સ્વામી નિરાશ થઈ મંદિરની સામે હરિદર્શનની પ્યાસથી બેસી ગયા. દર્શન વિના એમને એમ પાછા વળવાનો વિચાર પણ આવ્યો, છતાં શ્રીજી મહારાજની આજ્ઞા હતી એટલે શું કરવું ? એ સમજાતું નહોતું.

સચ્ચિદાનંદ સ્વામીએ દ્વારિકાધીશના દર્શન માટે આકરો નિર્ણય લીધો. જ્યાં સુધી ભગવાનનાં દર્શન ન થાય ત્યાં સુધી અન્નજળ ન લેવાનો નિશ્ચય કરી સચ્ચિદાનંદ સ્વામી અખંડ ભજન કરવા લાગ્યા.

અંતરજામી આપશે, દરશન જાણી નિજ દાસ ।
દૃઢ આસને બેઠા મુનિ, મનમાં આણી વિશવાસ ॥૯૩-૪॥

અન્ન-જળનો ત્યાગ કરી ભગવાન શ્રીકૃષ્ણનું અખંડ ભજન કરતાં-કરતાં સચ્ચિદાનંદ સ્વામીને સળંગ ૪ દિવસના ઉપવાસ થયા. સચ્ચિદાનંદ સ્વામી આર્તભાવથી ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા,

જય કૃષ્ણ પ્રસન્ન થાઓ આજ, દિયો દર્શન મને મહારાજ ॥૭॥
કેમ દેતા નથી દરશન, રાય રણછોડ થઈ પ્રસન્ન ॥૧૪॥
નિર્ધનનું ધન છો મહારાજ, વળી કહાવો ગરીબ નિવાજ ।
અનાથના નાથ ભગવાન, કાં રે ન સુણો વિનતિ કાન ॥૨૨॥

આર્તભાવથી ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરી સચ્ચિદાનંદ સ્વામી દ્વારિકાધીશનું ધ્યાન ધરવા લાગ્યા. મહા વદિ વિજયા એકાદશીની રાત્રિએ ચતુર્ભુજ ભગવાન દ્વારિકાધીશના સૌપ્રથમ હૃદયમાં દર્શન થયા, સચ્ચિદાનંદ સ્વામીએ આંખો ખોલી ત્યાં સામે ભગવાન દ્વારિકાધીશને પ્રત્યક્ષ દીઠા. સચ્ચિદાનંદ સ્વામીએ ભગવાનને દંડવત્ પ્રણામ કર્યા. સચ્ચિદાનંદ સ્વામીની પ્રાર્થના અને તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને ભગવાન શ્રીદ્વારિકાધીશે વરદાન માંગવાનું કહ્યું.

નીલ કલેવર નીરદ જેવું, મુનિ કરે દરશન એવું ॥૨૭॥
પછી ભાવે બોલ્યા ભગવાન, મુનિ માગ્ય માગ્ય વરદાન ॥૨૮॥

સચ્ચિદાનંદ સ્વામીએ બે હાથ જોડી વંદન કરતા કહ્યું, ''હે પ્રભુ ! આપ તો દયાનિધિ છો, કૃપાસિંધુ છો, સૌને આપનાં સુલભ દર્શન થાય એવી કૃપા કરો.''

ભગવાન શ્રીદ્વારિકાધીશે કહ્યું,

તે માટે વરતાલ આવીશ, સર્વે તીરથ સંગે લાવીશ ।
લક્ષ્મીનારાયણની મૂરતિ, તેમાં વસીશ કહે યદુપતિ ॥૪૧
એમ મુનિને કહી ભગવાન, પછી થયા છે અંતરધાન ।
મુનિએ વિચાર્યું મનમાંયે, થયાં દરશન ગુરુકૃપાયે ॥૪૪॥

સચ્ચિદાનંદ સ્વામીને વરદાન આપી ભગવાન શ્રીદ્વારિકાધીશ અંતર્ધાન થયા. જ્યારથી દ્વારિકા પહોંચ્યા ત્યારથી માંડીને સચ્ચિદાનંદ સ્વામીને કુલ ૧૧ ઉપવાસને અંતે ભગવાન દ્વારિકાધીશના પ્રત્યક્ષ દર્શન થયાં.

સચ્ચિદાનંદ સ્વામી બેટ દ્વારિકામાંથી વહાણમાં બેસી પાછા દ્વારિકા આવ્યા.

આ બાજુ અયોધ્યાવાસી દ્વારિકામાં ચારેબાજુ સ્વામીને શોધતા હતા, ત્યાં બેટ-દ્વારિકાથી પધારેલા સ્વામીનો ભેટો થઈ ગયો. પરસ્પર કુશળ સમાચાર પૂછ્યા પણ સ્વામીએ પોતાને થયેલાં ભગવાન શ્રીદ્વારિકાધીશનાં દર્શન-વરદાનની કોઈ વાત કરી નહી.

બારસના દિવસે અગિયાર

ઉપવાસના પારણા કરી અયોધ્યાવાસી સાથે સચ્ચિદાનંદ સ્વામી દ્વારિકામાં રાત રોકાયા. તેરસને દિવસે સવારે સૌ સંઘ સાથે દ્વારિકાથી પાછા વળ્યા. રસ્તામાં જ્યાં જ્યાં રાત રોકાય ત્યાં ત્યાં સચ્ચિદાનંદ સ્વામીને સ્વપ્નમાં દ્વારિકાધીશનાં દર્શન થતાં જતા હતા. એ સમયે શ્રીજી મહારાજ ગઢડામાં બિરાજમાન હતા. ગઢડા આવી સચ્ચિદાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને દ્વારિકાની તીર્થયાત્રાની બધી હકીકત કહી સંભળાવી. સચ્ચિદાનંદ સ્વામીના મુખે ભગવાન શ્રીદ્વારિકાનાથનાં દર્શનની વાત સાંભળી શ્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા.

શ્રીજી મહારાજે માંદગી ગ્રહણ કરી હતી અને ગઢડામાં હતા, તેમની આજ્ઞાથી બંને આદિ આચાર્ય શ્રી૨ઘુવી૨જી મહા૨ાજ તથા આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ વડતાલ પધાર્યા. શ્રીજી મહારાજે બેય આચાર્યોની સાથે નિત્યાનંદ સ્વામીના શિષ્ય ભૂમાનંદ સ્વામી વગેરે સંતો-પાર્ષદો તથા ભક્તોનો સંઘ મોકલ્યો. અનેક ગામડાંઓમાં પધરામણિ અને વિચરણ કરતાં કરતાં બન્ને આદિ આચાર્યો સંઘ સાથે વડતાલ પધાર્યા.

વડતાલમાં ચૈત્ર સુદિ ૯ શ્રીરામનવમીનો ઉત્સવ કરી વડતાલના ભક્તો શ્રીરણછોડરાયજીના પ્રતિષ્ઠાની તૈયારીઓ કરવા લાગ્યા અને થોડા દિવસો પછી વિ. સં. ૧૮૮૬ ચૈત્ર વદિ-૭ ના દિવસે શુભ મુહૂર્તમાં આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે વડતાલ મંદિરનાં મધ્યખંડના ગર્ભગૃહમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવની બાજુમાં શ્રીરણછોડરાયજીની પ્રતિષ્ઠા કરી આરતી ઊતારી. દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી અને સંતો-ભક્તો જયજયકાર કરવા લાગ્યા, શ્રીરણછોડરાયની જય.

શ્રીહરિલીલામૃતમાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ આ પ્રસંગનું વર્ણન કરતાં લખે છે,

પ્રતિષ્ઠા કરી પૂજન કીધું, ચરણોદક પ્રેમથી પીધું;
શણગાર અમૂલ્ય સજાવ્યા, ધૂપ દીપ નૈવેદ્ય ધરાવ્યા.
આરતી પછી હેતે ઉતારી, શોભા તે સમે થૈ બહુ સારી;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, નભમાં દેવદુંદુભી ગાજે.' (હ.લી. ૯/૧૩/૪૫,૪૬)

॥ વડતાલ મંદિરના દેવોનો મહિમા ॥

શ્રીલક્ષ્મીનારાયણ દેવ

વડતાલ ધામ અને ખાસ કરીને જે જગ્યાએ વડતાલ મંદિરનું નિર્માણ થયું, એ સ્થાન લક્ષ્મીજીની તપઃસ્થલી હોવાથી મહારાજે વૃત્તાલયમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ પધરાવવાનો નિશ્ચય કર્યો હતો.

શ્રીજી મહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા. મહારાજે નિત્યાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીને અક્ષર ઓરડીમાં બોલાવ્યા અને વડોદરાથી શ્રીલક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ લાવી વડતાલ પહોંચાડવા આજ્ઞા કરી.

બન્ને સંતો સંતમંડળ સાથે શ્રીલક્ષ્મીનારાયણની મૂર્તિઓ લેવા માટે વડોદરા ગયા. વડોદરામાં અનેક સલાટને ત્યાં મૂર્તિ માટે તપાસ કરી, દેશ વિદેશના વિક્રેતાઓ પાસે મૂર્તિઓ જોઈ, પણ ક્યાંય મન માનતું નહોતું. શ્રીજી મહારાજને ગમે એવી અને સંતોનું મન માને એવી એકેય મૂર્તિઓ મળી નહીં, એટલે નિત્યાનંદ સ્વામી વગેરે સંતો થોડા ઉદાસ થયા, હવે ખાલી હાથે વડતાલ કેમ જવું?

મૂર્તિ લીધા વિના ન જવાય, મુનિ અંતરમાં અકળાય ॥
સૂતા જામનિમાં પછી જ્યારે, દીધાં દર્શન શ્રીજીએ ત્યારે ।

(હ.લી. ૮-૧૨-૨૧)

થોડી અકળામણ સાથે ચિંતામગ્ન મને રાત્રિના સમયે સૂતા હતા અને શ્રીજી મહારાજે દર્શન દઈને એક વણિકનું નામ લઈને એમને ત્યાંથી શ્રીલક્ષ્મીનારાયણની પુરાતની

મૂર્તિઓ લઈ આવવા કહ્યું.

શ્રીજી મહારાજનાં વચને સવારે પ્રાતઃ સ્નાન-પૂજાદિ વિધિ પૂર્ણ કરી નિત્યાનંદ સ્વામી આદિ સંતો તે વણિકને ત્યાં મૂર્તિઓ લેવા ગયા અને બધી વાત કરી. એ મૂર્તિઓ ખૂબ પુરાતની હતી અને ગુપ્ત રીતે ઘરમાં રાખેલી. શ્રીલક્ષ્મીનારાયણની સુંદર મૂર્તિઓ જોઈને નિત્યાનંદ

સ્વામી વગેરે સંતોને ખૂબ આનંદ થયો. પહેલા તો એ વણિક મૂર્તિઓ આપવા તૈયાર થયો પણ કેટલાક દ્વેષી લોકોની કાનભંભેરણીથી મૂર્તિઓ આપવાની ના પાડી.

સંતોને પાછી ચિંતા થઈ, હવે શું કરવું ? નિત્યાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રાર્થના કરી. મહારાજે કૃપા કરી અને વણિકની બુદ્ધિમાં પ્રેરણા કરી એટલે જેમ સૂર્યોદય થાય અને અંધકાર જાય એમ એ વણિકના મનમાં રહેલા ખોટા વિચારો દૂર થયા અને બુદ્ધિ નિર્મળ થઈ.

સૂર્યોદયથી નાસે અંધકાર, નાઠો તે રીતે ખોટો વિચાર ।
બુદ્ધિ નિર્મળ થૈ તેની જ્યારે, મુનિને આપી મૂર્તિયો ત્યારે ॥
(હ.લી. ૮ ૧૨ ૩૯)

બુદ્ધિ નિર્મળ થૈ તેની જ્યારે, મુનિને આપી મૂર્તિયો ત્યારે
(હ.લી. ૮ ૧૨ ૩૯)

નિત્યાનંદ સ્વામીએ એક ગાડામાં શ્રીલક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ પધરાવી ગાડા ચાલતા કર્યા. શ્રીલક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓને ગાડામાં લઈને વડોદરાથી વડતાલ જતાં રસ્તામાં નિત્યાનંદ સ્વામી વગેરે સંતોએ વિચાર કર્યો કે, "આ મૂર્તિઓ તો ગઢપુરમાં મંદિર થાય, એમાં શોભે એવી છે."

દુર્ગપુર માંહિ મંદિર થાય, તેમાં આ છબિ પધરાવાય ।
રાજા ઉત્તમનો દરબાર, શોભા તો પામે અપરમપાર ॥
(હ.લી. ૮-૧૨-૪૧)

"શ્રીજી મહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબાર ગઢમાં કાયમી નિવાસ કરીને રહ્યા છે. દાદા ખાચરે તન મન-ધનથી સર્વસ્વ શ્રીજીને સમર્પિત કર્યું છે, આ મૂર્તિઓ તો ખૂબ પ્રાચીન, સુંદર અને દૈવતવાળી છે, જો આ મૂર્તિઓ ગઢપુરમાં દાદાના દરબાર ગઢમાં મંદિર કરાવીને પધરાવવામાં આવે તો બહુ સારું. પહેલા મૂર્તિઓ ગઢપુર લઈ જઈએ, મહારાજ અને સંતો-ભક્તો દર્શન કરશે, એટલે ત્યાં જ રાખવાનું કહેશે, વડતાલ મંદિરમાં પધરાવવા માટે બીજી મૂર્તિઓ લઈ આવશું."

આવો વિચાર કરી સંતોએ વડોદરાથી ચાલતા કરેલા ગાડા વડતાલના રસ્તેથી ગઢપુરને માર્ગે વાળ્યા. અંતર્યામી શ્રીજી મહારાજને આ મંજૂર નહોતું, મહારાજ આ મહાપ્રતાપી શ્રીલક્ષ્મીનારાયણ દેવને વડતાલમાં પ્રતિષ્ઠિત કરવા ઇચ્છતા હતા, એટલે ગાડા ગઢપુર તરફ જતા રસ્તામાં બોચાસણ પાસે શ્રીજી મહારાજની અન્યથા ઇચ્છાશક્તિથી અનરાધાર વરસાદ વરસ્યો. રસ્તામાં પાણી ભરાયા, ગાડા આગળ ચાલી શકે એવી સ્થિતિ રહી નહીં, એટલે બોચાસણમાં ગાડા છોડવા પડ્યા.

સંતોએ વિચાર્યું કે, "આ વરસાદ ઇન્દ્રએ નહીં મહારાજે વરસાવ્યો છે." સંતો કાશીદાસને ઘેર મૂર્તિઓ ઊતારીને ગઢપુર શ્રીજી મહારાજ પાસે પહોંચ્યા.

શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા. નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સંતોએ મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. શ્રીજી મહારાજે સૌને કુશળ સમાચાર પૂછ્યા. સંતોએ વંદન કરી વાત કરી, "પ્રભુ! આપ તો બધું જાણો છો, તમારાથી કંઈ અજાણ નથી."

આપ છો પ્રભુ અંતરજામી, સરવજ્ઞ છો સંતના સ્વામી ।
કરો છો જી મનુષ્યચરિત્ર, માટે પૂછો છો વાત વિચિત્ર ॥
(હ.લી. ૮-૧૨-૪૬)

"હે મહારાજ ! શ્રીલક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ બહુ જ પુરાતની અને સુંદર હતી, એટલે પહેલા અહીં આપને દેખાડવા લાવતા હતા, પણ રસ્તામાં ખૂબ વરસાદ વરસ્યો, એટલે બોચાસણ ગાડા છોડ્યા છે !" આમ કહીને સંતોએ બધી વિગતે વાત કરી.

શ્રીજી મહારાજ કહે, "શ્રીલક્ષ્મીનારાયણ દેવની ઇચ્છા ચરોતરનો આમ્રરસ ચાખવાની છે, એમને અહીં નહીં, વડતાલમાં વાસ કરવો છે, એટલે શ્રીલક્ષ્મીનારાયણ દેવ તો વડતાલ મંદિરમાં જ પ્રતિષ્ઠિત થશે અને ભક્તોના મનોરથ પૂરા કરશે!"

શ્રીલક્ષ્મીનારાયણ દેવને વડતાલ મંદિરમાં પધરાવવાનો શ્રીજી મહારાજનો દૃઢ સંકલ્પ જાણી સંતોએ મનનો વિચાર માંડી વાળ્યો અને મૂર્તિઓને બોચાસણથી ગઢપુરને બદલે વડતાલ લાવવામાં આવી.

શ્રીલક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા વખતે શ્રીજી મહારાજે કહ્યું હતું, "જેવી વૈકુંઠમાં મૂર્તિ છે તેવી આ લક્ષ્મીનારાયણદેવની મૂર્તિ છે. કોઈ સો વર્ષ સુધી વ્રત તપ કરી ચાર ધામની યાત્રા કરે અને જે ફળ મળે, એથી અધિક ફળ આ શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શનનું છે, એવું દૈવત આ દેવમાં છે. અમે આ મૂર્તિમાં અખંડ રહીને ભક્તોના મનોરથ પૂરા કરીશું. ભાવ વિના પણ જે આ શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરશે તે સત્સંગમાં મનુષ્ય જન્મ પામશે અને અવિનાશી સુખ મેળવશે."

સદ્‌ગુરુ શતાનંદ સ્વામી શ્રીમદ્ સત્સંગિજીવનમાં શ્રીજી મહારાજનાં મુખે શ્રીલક્ષ્મીનારાયણ દેવનો મહિમા લખે છે કે,

लक्ष्मीनारायणादीनां स्वरूपाणां तु दर्शनम् ।
प्रत्यहं ये करिष्यन्ति ते मोक्ष्यन्त्येव संसृतेः ॥
(સ.જી. ૩ ૨૭)

વડતાલ મંદિરમાં પ્રતિષ્ઠિત શ્રીલક્ષ્મીનારાયણ દેવ, શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિ દેવોના જે નિત્ય દર્શન કરશે તે સંસારના જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થશે.

શ્રીલક્ષ્મીજીએ દર્શન દીધાં

શ્રીજી મહારાજના હજૂરી સેવક મૂળજી બ્રહ્મચારીના શિષ્ય નારાયણાનંદ બ્રહ્મચારી વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવની સેવા કરતા. દરરોજ સોળે થઈને પવિત્રપણે નારાયણાનંદ બ્રહ્મચારી ખૂબ શ્રદ્ધા અને પ્રગટ ભાવથી દેવોના શણગાર કરવા, થાળ ધરવા વગેરે પૂજારીની સેવા કરતા. જિંદગીભર શ્રીલક્ષ્મીનારાયણ દેવની મહિમાપૂર્વક સેવા કરી.

વૃદ્ધ ઉંમર થતાં સેવા થઈ શકતી નહોતી, એટલે મનમાં થોડો વસવસો રહ્યા કરતો. મોટી ઉંમરે શરીર અશક્ત હોવા છતાં લાકડીને ટેકે મંદિરના પગથિયાં ચડીને શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં નિત્ય દર્શન કરતા. બ્રહ્મચારી મહારાજને દેવદર્શનનો નિત્ય નિયમ હતો, દેવદર્શન થયાં વિના અન્ન-જળ પણ નહોતા લેતા.

એકવાર મંગળા આરતીના દર્શન કરી લાકડીને ટેકે મંદિરના પગથિયાં ઉતરતા હતા. વૃદ્ધ અવસ્થાને લીધે શરીર અશક્ત હતું. મંદિરના પગથિયાં ઉતરતા બ્રહ્મચારી મહારાજનો પગ લપસ્યો, મુખમાંથી "સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !" મંત્ર નીકળ્યો, એ જ સમયે શ્રીલક્ષ્મીજીએ દર્શન દીધાં અને નારાયણાનંદ બ્રહ્મચારીને ટેકો દીધો. બ્રહ્મચારી મહારાજ મંદિરના પગથિયેથી નીચે પડતા બચી ગયા. લક્ષ્મીજીએ બ્રહ્મચારી મહારાજની રક્ષા કરી.

લક્ષ્મીજીનાં પ્રત્યક્ષ દર્શન કરી બ્રહ્મચારી મહારાજે બે હાથ જોડ્યા અને વારંવાર વંદન કર્યાં, આંખમાં હરખના આંસુ આવી ગયા.

લક્ષ્મીજીએ કહ્યું, "બ્રહ્મચારીજી ! તમે આખી જિંદગી અમારી ખૂબ સેવા કરી છે, તમારી સેવાથી રાજી છીએ, આવતીકાલે શ્રીજી મહારાજ તમને ધામમાં તેડી જશે !"

આટલું કહી લક્ષ્મીજી તો અદૃશ્ય થઈ ગયાં, પણ બ્રહ્મચારી મહારાજના આનંદનો પાર ન રહ્યો, એમને તો અક્ષરધામનું તેડું આવ્યું.

બીજે દિવસે પ્રાતઃકાળે સ્નાન-પૂજાદિમાંથી પરવારી નારાયણાનંદ બ્રહ્મચારી હાથમાં માળા લઈ ભજન કરવા બેઠા, એ જ સમયે મૂળજી બ્રહ્મચારી અને અનંત મુક્તો સાથે શ્રીજી મહારાજ પધાર્યા. શ્રીજી મહારાજ સાથે પોતાના ગુરુ મૂળજી બ્રહ્મચારીનાં દર્શન કરીને નારાયણાનંદ બ્રહ્મચારીને તો આનંદ આનંદ થઈ ગયો.

નારાયણાનંદ બ્રહ્મચારીએ પોતાના શિષ્ય નિષ્કામાનંદ આદિને સાદ કરીને બોલાવ્યા અને કહ્યું, "જુઓ જુઓ ! મહારાજ મુક્તો સાથે મને લેવા પધાર્યા છે, મારા ગુરુ મૂળજી બ્રહ્મચારીને પણ સાથે લાવ્યા છે, ધૂન કરો ધૂન ! હું મહારાજનાં ધામમાં જાઉં છું !"

નિષ્કામાનંદ બ્રહ્મચારી વગેરે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવા લાગ્યા, એ જ સમયે નારાયણાનંદ બ્રહ્મચારીએ સૌને છેલ્લા "જય સ્વામિનારાયણ !" કહ્યા અને દેહ છોડીને શ્રીજી મહારાજની સાથે અક્ષરની વાટે સંચર્યા.

નારાયણાનંદ બ્રહ્મચારીના શિષ્ય નિષ્કામાનંદ બ્રહ્મચારી વગેરેને આવું દિવ્ય દર્શન થતાં ખૂબ આશ્ચર્ય થયું. (હ.ચ.ચિં.૩-૭૪ને આધારે...)

શ્રીહરિકૃષ્ણ મહારાજ

શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરતી વખતે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું હતું કે, 'વેદાદિ સત્શાસ્ત્રો જેને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કહે છે, એ જ આ હરિકૃષ્ણ મહારાજ છે. આ અર્ચા સ્વરૂપમાં અમારો અખંડ નિવાસ છે. આ અર્ચા સ્વરૂપનું પૂજન, અર્ચન અને ઉપાસન અમારું જ પૂજન, અર્ચન અને ઉપાસન છે. માટે તમે બધા આ સ્વરૂપની ઉપાસના કરજો.'

સ્વામિનારાયણ ભગવાનની અગમ્ય ઇચ્છાથી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી વડતાલ મંદિરની પ્રતિષ્ઠામાં ઉપસ્થિત નહોતા રહી શક્યા. પ્રતિષ્ઠા પછી થોડા દિવસો બાદ સ્વામી જ્યારે એકવાર વડતાલ આવ્યા, ત્યારે શ્રીજી મહારાજ સ્વયં મુક્તાનંદ સ્વામીનું કાંડું પકડી વડતાલ મંદિરમાં દેવોનાં દર્શને લાવ્યા. સ્વામીને એક પછી એક બધા દેવોનાં દર્શન કરાવી પછી શ્રીજી મહારાજ પૂર્વ ખંડમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સામે ઊભા રહ્યા અને બોલ્યા, "સ્વામી ! અક્ષરધામમાં રહેલું ભગવાનનું પર સ્વરૂપ, આ સામેના ખંડમાં સિંહાસનમાં પ્રતિષ્ઠિત શ્રીહરિકૃષ્ણનું સ્વરૂપ અને તમારું કાંડું પકડેલું અમારું સ્વરૂપ આ ત્રણેયમાં એક રોમમાત્રનો ફેર નથી, એ ત્રણેય એક જ છે."

શ્રીજી મહારાજનાં મુખે નિજસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજનો મહિમા સાંભળીને મુક્તાનંદ સ્વામીને ખૂબ

આનંદ અને આશ્ચર્ય થયું અને ખૂબ પ્રસન્ન થયા.

નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમ પ્રકાશમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનાં સ્વરૂપનો મહિમા લખ્યો છે...

વળી પોતાની મૂર્તિ બેસારી રે, તે તો સહુથી છે બહુ સારી રે।
એહ મૂરતિ મંગળ રૂપ રે, સહુ જનને સુખ સ્વરૂપ રે ॥
(૨૫-૧૨)

ઉત્સવ વિના પણ આડે દિને રે, આવે અનેક જન દરશને રે।
જે જે દર્શન કરે કોય દાસ રે, તે તો પામે બ્રહ્મમોલે વાસ રે ॥
(૨૫-૧૪)

શ્રીજી મહારાજનાં સંતમંડળમાં ઘણા પરમહંસો સંસ્કૃતના પ્રકાંડ પંડિતો અને શાસ્ત્રીય સંગીતના ધુરંધર નિષ્ણાતો હતા. સંગીત, સંસ્કૃત અને કાવ્યરચનામાં પારંગત પરમહંસ યોગાનંદ સ્વામીએ સંસ્કૃત ભાષામાં એક સુંદર ભજનાષ્ટકની રચના કરી છે, જેમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનો ભારોભાર મહિમા ભર્યો છે.

प्रकृतिमया गुणा न च भवन्ति हि यत्र हरौ,
इति निगमागमा अपि वदन्ति च निर्गुणकम्।
इति सगुणं गणैरपि युतं परदिव्यशुभैः
हृदि तमजं भजे भवहरं हरिकृष्णामहम् ॥॥२॥

અર્થ : જેનાં સ્વરૂપમાં પ્રકૃતિના માયિક ગુણોનો લેશ પણ અંશ નથી, એટલે જ એમને વેદ અને શાસ્ત્રો નિર્ગુણ મૂર્તિ કહે છે. એ નિર્ગુણ હોવા છતાં અનંત દિવ્ય કલ્યાણકારી શુભ ગુણોના સમૂહોથી સભર સગુણ સાકાર મૂર્તિ છે. સ્વયં અજન્મા હોવા છતાં આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરી પૃથ્વી પર વિચરી રહ્યા છે, એવા સંસૃતિને હરનારા શ્રીહરિકૃષ્ણ મહારાજનું હું હૃદયમાં ભજન કરું છું.

શ્રીહરિકૃષ્ણ મહારાજ તો પ્રેમી સંતો-ભક્તોના હૈયાનો હાર છે, એટલે જ તો પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી કીર્તનમાં લખે છે...

હારે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે જી હો,
જોઈને જીવું છું સુંદર મૂરતિ રે,
મારા નેણાં તણો શણગાર છે જી હો,
અળગો ન મેલું હવે ઉરથી રે.

શ્રીરાધાકૃષ્ણ દેવ

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનું બીજું નામ ઉદ્ધવ સંપ્રદાય છે. સદ્‌ગુરુ રામાનંદ સ્વામી વખતથી ઉદ્ધવ સંપ્રદાયમાં શ્રીરાધાકૃષ્ણ દેવની ઇષ્ટદેવ તરીકે ઉપાસના થતી આવી છે.

ધર્મકુળમાં પણ પરંપરાગત રીતે શ્રીકૃષ્ણ ભગવાનની ઇષ્ટદેવ તરીકે પૂજા થતી આવે છે, એટલે શ્રીજી મહારાજે મોટા ભાગના મંદિરોમાં શ્રીરાધાકૃષ્ણ દેવના વિવિધ સ્વરૂપો પધરાવ્યા છે.

ન માત્ર મંદિરોમાં પણ સંપ્રદાયના મુખ્ય ગ્રંથો શિક્ષાપત્રી અને વચનામૃતમાં પણ શ્રીજી મહારાજે ભગવાન શ્રીકૃષ્ણની વારંવાર વંદના કરી છે.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની આચારસંહિતા સમાન શિક્ષાપત્રીના પહેલા જ શ્લોકમાં શ્રીજી મહારાજ મંગલાચરણ કરીને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરે છે...

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥
(શિક્ષાપત્રી ૧)

અર્થ : જેના ડાબા પડખાને વિષે શ્રીરાધિકાજી બિરાજમાન છે અને વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી બિરાજમાન છે, એવા વૃન્દાવનમાં વિહાર કરનારા ભગવાન શ્રીકૃષ્ણનું હું હૃદયમાં ચિંતવન કરું છું.

સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં ૨૧૭થી વધુ વખત ભગવાન શ્રીકૃષ્ણને યાદ કર્યા છે.

ગ.મ. ૬૪મા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, "બીજા અવતારને વિષે તો એક કે બે કળાનો પ્રકાશ હોય છે અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે તો સર્વ કળાઓ છે...માટે સર્વે કળાએ સંપન્ન તો એક શ્રીકૃષ્ણ ભગવાન જ છે."

વડતાલ મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની બાજુમાં બિરાજિત શ્રીરાધાકૃષ્ણ દેવના સ્વરૂપો સ્વયં શ્રીજી મહારાજે સ્વહસ્તે વેદોક્ત વિધિથી પધરાવ્યા છે. નિત્ય-નિયમિત વિધિવત્ત શણગાર, પૂજન અર્ચન, થાળભોગ આરતી-સ્તુતિ થાય છે. આજે પણ અનેક દર્શનાર્થીઓના મનોરથ પૂરા કરે છે.



શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીધર્મ-ભક્તિના સ્વરૂપો સૌપ્રથમ વડતાલ મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે. સ્વયં શ્રીજી મહારાજે સ્વહસ્તે ધર્મદેવ અને ભક્તિમાતાની પ્રતિષ્ઠા કરી છે.

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના પ્રાગટ્ય માટે શ્રીધર્મદેવ અને ભક્તિદેવીએ ખૂબ કષ્ટો સહન કર્યા હતા અને જપ-તપ તથા વ્રત-અનુષ્ઠાન કર્યા હતા, જેની કથા શ્રીમદ્ સત્સંગિજીવન આદિ સાંપ્રદાયિક ગ્રંથોમાં લખાયેલી છે. શ્રીવસુદેવ-દેવકીજીએ કેટલા બલિદાન આપ્યા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થયા હતા, માટે આજે પણ કૃષ્ણભક્તો એમને યાદ કરીને વંદન કરે છે. ભગવાનની સાથોસાથ ભગવાનના માતા-પિતાને વંદન કરવા જોઈએ.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજી સ્થાપિત ધર્મકુળની આચાર્ય પરંપરા છે. આચાર્ય મહારાજ પુરુષ ભક્તોને મંત્રદીક્ષા આપે છે અને આચાર્ય પત્ની(ગાદીવાળા) સ્ત્રી ભક્તોને મંત્રદીક્ષા આપે છે. મૂળ તો ધર્મદેવને મુમુક્ષુઓને મંત્રદીક્ષા આપવાની આજ્ઞા સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ કરી હતી અને ધર્મદેવની આજ્ઞાથી ભક્તિદેવી મુમુક્ષુ સ્ત્રીઓને ઉપદેશ કરતા, એટલે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં મંત્રદીક્ષા પરંપરાનું મૂળ ધર્મકુળ છે અને ધર્મકુળના આદિ માતા પિતા ધર્મદેવ અને ભક્તિદેવી છે. એમની મૂર્તિ પધરાવી એમની પૂજા કરીને વંદન કરવાનો ભાવ સંપ્રદાયના દરેક અનુયાયીના હૃદયમાં હોય એ સહજ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે માત્ર પોતાનાં માતા પિતા જાણીને જ ધર્મ-ભક્તિનાં સ્વરૂપો નથી પધરાવ્યા. આની પાછળ પણ એક મર્મ છે કે, શ્રીસ્વામિનારાયણ ભગવાનનું અવતરણ ભાગવત ધર્મનાં સ્થાપન માટેનું હતું અને એ ભાગવત ધર્મનું હાર્દ છે ધર્મે સહિત ભક્તિ કરવી. જેમ કાણાંવાળાં ઘડામાંથી અમૃત સ્રવી જાય એમ ધર્મ વિનાની એકલી ભક્તિને ભૂંસાઈ જતા વાર નથી લાગતી. એવી જ રીતે માત્ર ધર્મપાલનના બળે સંસારસાગર તરવો એ પથ્થર બાંધીને સમુદ્ર તરવા જેવું છે. ભગવાન શ્રીસ્વામિનારાયણ માત્ર ધર્મ કે એકલી ભક્તિનું પ્રવર્તન નથી ઇચ્છતા, ધર્મે સહિત ભક્તિનું પ્રવર્તન કરવા પ્રભુ પધાર્યા હતા, એટલે મંદિરોમાં શ્રીજી મહારાજે ધર્મ-ભક્તિનાં સ્વરૂપો પ્રતિષ્ઠિત કર્યા છે.

જેના પર ધર્મ-ભક્તિની કૃપા વરસે, એના ઉપર ધર્મનંદન અને ભક્તિનંદનની કૃપાવર્ષા સહજ છે.

પંચરાત્ર શાસ્ત્રમાં ભગવાનના પાંચ રૂપનું વર્ણન છે – પર, વ્યૂહ, વિભવ, અર્ચા અને અંતર્યામી.

પંચરાત્ર શાસ્ત્ર કહે છે કે, "દિવ્ય અક્ષરધામમાં ભગવાન પર વાસુદેવ સ્વરૂપે બિરાજે છે. તેઓ સદા દ્વિભુજ છે અને દ્વિચરણારવિંદે સહિત છે."

ભગવાન શ્રીસ્વામિનારાયણે પંચરાત્ર શાસ્ત્રોક્ત એ પર વાસુદેવનું સ્વરૂપ શ્રીધર્મ ભક્તિની બાજુમાં સ્વહસ્તે પધરાવ્યું છે. ભગવાનના જે જે અવતારો થયા છે એ શ્રીવાસુદેવ નારાયણના અવતારો છે. શ્રીવાસુદેવ નારાયણ સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ છે અને એ જ સ્વયં શ્રીધર્મ ભક્તિને ઘેર સ્વામિનારાયણ રૂપે પ્રગટ થયાં છે.

આ વાતની સાક્ષી પૂરતા સદ્‌ગુરુ શતાનંદ સ્વામી શ્રીમદ્ સત્સંગિજીવનમાં શ્રીવાસુદેવ નારાયણનો મહિમા વર્ણવતા લખે છે...

तदन्तिके तु मे मूर्तिरस्ति स्वयीप्रसत्तये ।

धर्मभक्तियुता चास्ति मन्दिरे तूत्तरे मम ॥ (स.जी.४ २७-५६)

અર્થ : એ મંદિરના ઉત્તરખંડમાં ધર્મ-ભક્તિની સાથે, એમની બાજુમાં જે અમારી મૂર્તિ છે એ અમારા સંતો-ભક્તોની પ્રસન્નતા માટે છે.

શ્રીવાસુદેવ નારાયણનાં દર્શન કરતી વખતે સંતો ભક્તોને અતિ પ્રસન્નતા થાય કે જે સર્વ અવતારના ધરતલ પર વાસુદેવ નારાયણ છે, એ જ અમારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે.

વેદોમાં જે પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો નિર્દેશ છે, એ જ આ શ્રીવાસુદેવ નારાયણ છે.



શ્રીજી મહારાજે સૌ ભક્તજનોને વડતાલની પૂનમ ભરવાની આજ્ઞા પણ કરી છે અને એનું ફળ પણ અનેકગણું બતાવ્યું છે. શ્રીમદ્ સત્સંગિજીવનમાં સદ્‌ગુરુ શતાનંદ સ્વામી લખે છે કે,

પૌર્ણમાસ્યાં પૌર્ણમાસ્યાં યે ચ ગ્રામાન્તરદપિ।
એત્યૈષ્યાં દર્શનં ભક્ત્યા કરિષ્યન્ત્યત્ર માનવાઃ।
સર્વે મનોરથાસ્તેષાં સિદ્ધિમેષ્યન્તિ નિશ્ચિતમ્।
ભુક્તિં તથેપ્સિતાં મુક્તિં પ્રાપ્સ્યન્ત્યેષાં પ્રસાદતઃ।

અર્થ : જે મનુષ્યો દરેક પૂનમને દિવસે વડતાલમાં આવીને આ શ્રીલક્ષ્મીનારાયણ આદિ દેવોના ભક્તિભાવપૂર્વક દર્શન કરશે, તે મનુષ્યોના સર્વે મનોરથ પૂરા થશે અને દેવોની કૃપાથી ઇચ્છિત ભુક્તિ અને મુક્તિને પામશે, એમાં જરા પણ સંશય નથી.

વડતાલ ધામની યાત્રાથી દ્વારિકાની જાત્રાનું ફળ મળે છે અને શ્રીરણછોડરાયજીનાં દર્શનથી શ્રીદ્વારિકાધીશનાં દર્શનનું ફળ મળે છે.

શ્રીહરિલીલામૃતમાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ વડતાલ મંદિર અને દેવોનો મહિમા વર્ણવતા કહે છે,

દેવાલયે જે શિખરો દિસે છે, શું શૃંગ હિમાલયનાં જ એ છે।
ધોળી ભલી ધન્ય ધજા વિરાજે, વિદ્યુલ્લતા ચંચળતાથી લાજે॥
(હ.લી. ૧-૫-૧૫)

શ્રીભક્તિપુત્રે કરુણા કરીને, તે મૂર્તિયો સ્થાપી કરે ધરીને।
તેથી ઘણું દૈવત તેહમાં છે, આશ્ચર્ય મોટાં બહુ એહમાં છે॥
(હ.લી. ૧ ૫ ૧૨)

જુઓ રૂડો ઉત્તરખંડ જ્યાંય, રૂડી દિસે છે ત્રણ મૂર્તિ ત્યાંય।
શ્રીધર્મભક્તિ વળી વાસુદેવ, ટાળે જનોનાં દુઃખ તર્તખેવ॥
(હ.લી. ૧ ૫ ૧૮)

ભલો જુવો મધ્યમ ખંડ ભાઈ, વિશેષ તેમાં છબી છે છવાઈ।
જ્યાં લક્ષ્મીનારાયણ છે ઉભાય, પાસે રૂડા છે રણછોડરાય॥
(હ.લી. ૧-૫-૧૯)

જુવો વળી દક્ષિણ ખંડધારી, રાધાજી વૃંદાવનના વિહારી।
તેની જ જોડે હરિકૃષ્ણ રાજે, શૈય્યા જુદા ખંડ વિષે જ છાજે॥
(હ.લી. ૧-૫-૨૦)

જુવો મત્સ્ય માર્તંડ સુકૂર્મ રૂપ, શ્રીશેષશાયી નરસિંહ ભૂપ।
વરાહની મૂર્તિ મનોજ્ઞ ભાસે, તે મૂર્તિયો મંડપમાં પ્રકાશે॥
(હ.લી. ૧-૫-૨૧)

શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં શતાનંદ સ્વામી શ્રીજી પ્રતિષ્ઠિત દેવોનો મહિમા વર્ણવતા લખે છે.

નિમયેન કરિષ્યન્તિ, પ્રત્યહં યે અસ્ય દર્શનમ્ ।
તે પ્રાપ્સ્યન્તિ જના નૂનં, ભુક્તિં મુક્તિં ચ વાઞ્છિતામ્ ॥
સેવનાદસ્ય પુત્રાર્થી, પુત્રિં પ્રાપ્સ્યતિ નિશ્ચિતમ્ ।
ધનં ધનાર્થી વિદ્યાર્થી, વિદ્યાં કામં ચ કામુકઃ ॥
એતચસ્યારાધનાદિચ્છા, સર્વા પૂર્ણા ભવિષ્યતિ ।
નિષ્કામાઃ સેવાનાદસ્ય, તરિષ્યન્તિ ભવામ્બુધિમ્ ॥
સર્વે મનોરથાસ્તેષાં સફલા ભાવિનઃ કિલ ।
ઇહ લોકે પરસ્મિન્વા તેષાં ન્યૂનં ન કિઞ્ચન ॥

જે જનો દરરોજ નિયમથી દર્શન કરશે, તે જનો ઇચ્છિત ભક્તિ અને મુક્તિ પામશે જ. આ દેવોની શ્રદ્ધાપૂર્વક સેવા કરવાથી પુત્રાર્થી પુત્ર, ધનાર્થી ધન, વિદ્યાર્થી વિદ્યા, કામનાવાળો તેના કામને જરૂર પામશે. નિષ્કામી ભક્તો સંસારરૂપી સમુદ્ર તરી જશે. આ દેવોની આરાધનાથી સર્વે ઇચ્છાઓ પૂર્ણ થશે.

વડતાલ ધામ કેરી શોભા બેની રે,
નિરખી વાત કહી નવ જાયે એની રે.
મંદિર મોટાં શિખરે સોના કળશ રાજે રે,
નગારા ને ચોઘડિયાં અનાદિ વાજે રે.
મૂર્તિ કેરાં રૂપ શું હું વર્ણવું રે,
દર્શન કરી આનંદમાં ગુણ ગાવું રે.
ધર્મ ભક્તિ વાસુદેવ પધરાવ્યા રે,
લક્ષ્મીનારાયણ રણછોડ ભલે આવ્યાં રે.
રાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજ રે,
બેસાડ્યાં છે સર્વેને શ્રીજીએ આજ રે.
નીરખે પૂજે તેના પૂરા કરે કોડ રે,
બ્રહ્મચારી સાધુ પાળા સેવે કોડ રે.

બનારસ હિન્દુ યુનિવર્સિટી ખાતે પૂજ્ય સ્વામીજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ વ્યાખ્યાનમાળામાં દીપપ્રાગટ્ય તથા ગ્રંથ વિમોચન

ઉત્તર ભારત યાત્રા દરમિયાન છપૈયા તથા અયોધ્યા ધામ ખાતે દર્શને પધારેલ પૂજ્ય સ્વામીજી તથા લંડનના ભક્તજનો

ગાંધી જયંતીના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ સફાઈ અભિયાનમાં પૂજ્ય સંતો, વિદ્યાર્થીઓ, ભક્તજનો દ્વારા સફાઈ

કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત બેન્ડ સ્પર્ધામાં
દ્રોણેશ્વર ગુરુકુલના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો

અમદાવાદ ગુરુકુલ ખાતે નૂતન કમ્પ્યુટર લેબનું
ઉદ્‌ઘાટન કરતા સંતો તથા ભક્તજનો

શ્રદ્ધાસુમન

અ.નિ. પરમ પૂજ્ય સદ્‌ગુરુ શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી :- વિદ્યાધામ ગુઢપુર નિવાસી પરમ ભગવાદીય પૂજ્ય હરિકૃષ્ણદાસજી સ્વામી તા. ૬ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. ગઢપુરમાં રહીને પૂજ્ય સ્વામીજીએ ખૂબ સેવા-ભજન કર્યા હતા. સાધુતાના ગુણે સંપન્ન પૂજ્ય સ્વામીના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ સંતમંડળને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી લાલજીભાઈ વેકરિયા :- લંડન નિવાસી પ.ભ. શ્રી લાલજીભાઈ વેકરિયા તા. ૪ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ઈસ્ટ લંડન ખાતે આદરણીય શામજીભાઈ, મનજીભાઈ વગેરે વેકરિયા પરિવારની સેવાઓ અવર્ણનીય છે. વર્ષોથી તન-મન-ધનથી શ્રી ઘનશ્યામ મહારાજની સેવામાં જોડાઈ ગયા છે. સંપ્રદાયના તમામ સંતો-ભક્તો માટે આ સ્થાન પ્રિય છે. શામજીભાઈ વગેરે પરિવાર સદાય સંપ્રદાયની સેવામાં તત્પર રહ્યા છે. આ પરિવારની સમજણ, નિષ્ઠા અને સેવા અજોડ છે. લંડન જેવા શહેરમાં રહેવા છતાં એમનો સત્સંગ પ્રત્યોનો કેફ જબરો છે. આવા પરિવારના તરવરિયા યુવાન લાલજીભાઈના અક્ષરવાસથી કેવળ વેકરિયા પરિવારને નહીં, પરંતુ સારાએ સંપ્રદાયને ખૂબ મોટી ખોટ પડી છે. લાલજીભાઈને પૂજ્ય સ્વામીજી સાથે ખૂબ હેત હતું. અવારનવાર છારોડી ગુરુકુલ આવીને રહેતા. સંતો સાથે સત્સંગ કરતા. ભગવાન શ્રીહરિ લાલજીભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા શામજીભાઈ, મનજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ઘનશ્યામભાઈ રામજીભાઈ જોધાણી :- આંબરડી નિવાસી પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ જોધાણી તા. ૪ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ગુરુકુલ અને ગુરુકુલના સેવાકાર્યો પ્રત્યે સમર્પિત ઘનશ્યામભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સુપુત્રો જિગ્નેશભાઈ, જિતેન્દ્રભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કાનબાઈ કુંવરજી વરસાણી :- ગામ સામત્રા નિવાસી તથા કચ્છના આગેવાન કાનજીભાઈ વરસાણીના બહેન શ્રી કાનબાઈ વરસાણી તા. ૧૨ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. કાનબાઈએ પોતાનું સમગ્ર જીવન સાંખ્યયોગ સ્વીકારીને વિતાવ્યું. ભગવાન શ્રીહરિને વિશે અખંડવૃત્તિ રાખતા થકા કાનબાઈએ પોતાનું શરીર છોડ્યું હતું. આદરણીય કે. વરસાણી તથા એમના પરિવારની સેવાઓ અવર્ણનીય છે. આ આખો પરિવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સત્સંગને વરેલો છે. ભગવાન શ્રીહરિ કાનબાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ કાનજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી સમજુબેન કાનજીભાઈ નાકરાણી :- અમદાવાદ નિવાસી સમજુબેન નાકરાણી તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે નિષ્ઠાથી જોડાયેલા આ પરિવારના માતુશ્રી સમજુબેનને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ શંભુભાઈ, શાંતિભાઈ, મનસુખભાઈ, પ્રવિણભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી દુધીબેન લાલજીભાઈ બવાડિયા :- લુવારીમોલી નિવાસી દુધીબેન બવાડિયા તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેત ધરાવનારા આ પરિવારના માતુશ્રી દુધીબેનને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ કલ્પેશભાઈ, મગનભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જમનાબેન જીવરાજભાઈ રાખોલિયા :- ખારી-ખીજડિયા નિવાસી જમનાબેન રાખોલિયા તા. ૩ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ માતુશ્રી જમનાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ પરશોત્તમભાઈ, કાંતિભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૦૧/૧૧/૨૪, શુક્રવાર : **દિપાવલી મહોત્સવ** : સાંજે ૮:૦૦ કલાકે અમદાવાદ ગુરુકુલ
તા. ૦૨/૧૧/૨૪, શનિવાર : **નૂતન વર્ષ પ્રારંભ** : સંવત્ ૨૦૮૧
તા. ૧૦/૧૧/૨૪, રવિવાર : **શ્રીહરી જયંતી**, શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવર્ણી પયોભિષેક, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૨/૧૧/૨૪, મંગળવાર : **પ્રબોધીની એકાદશી** : ચાતુર્માસ સમાપ્ત
તા. ૨૬/૧૧/૨૪, મંગળવાર : **ઉત્પત્તિ એકાદશી** :

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ મહામંત્ર

500 કલાક અખંડ જપયજ્ઞ

૧૫ ડિસેમ્બર થી ૫ જાન્યુઆરી

જય શ્રી સ્વામિનારાયણ સાથ જણાવવાનું કે SGVP અમદાવાદ આયોજીત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગરના સુવર્ણ જયંતી મહોત્સવના ઉપલક્ષ્યમાં ૫૦૦ કલાક અખંડ જપયજ્ઞનું આયોજન કરેલ છે. જેમાં આપને સહપરિવાર ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

લી.
પુરાણી બાલકૃષ્ણદાસના હેતપૂર્વક
જય શ્રી સ્વામિનારાયણ સાથ નૂતન વર્ષાભિનંદન

તા.15 ડિસેમ્બર 2024
અખંડ જપયજ્ઞ પ્રારંભ
બપોરે 4:00 કલાકે

તા.15 ડિસેમ્બર 2024
5000 ભક્તો દ્વારા મંત્રયાત્રા
સાંજે 5:00 કલાકે

તા.5 જાન્યુઆરી 2025
જપયજ્ઞ પૂર્ણાહુતિ
બપોરે 12:00 કલાકે

તા.5 જાન્યુઆરી 2025
ગુરુકુલ પરિવાર સ્નેહ મિલન
સાંજે 4:00 કલાકે

SGVP AHMEDABAD

સ્થળ : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર-અમદાવાદ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

સંત નિવાસમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના ૨૩મા પાટોત્સવ પ્રસંગે અભિષેક તથા અન્નકૂટ દર્શન - SGVP

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયેલ શરદોત્સમાં ઉપસ્થિત મહાનુભાવો, રાસની રમઝટ, આરતી દર્શન, Mohan to Madhav પુસ્તકનું વિમોચન - SGVP

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-